સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 52

[DEC - 2023]
[24/12/23 to 30/12/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**24 DEC-2023**

- દિવસ મહિમા : 24 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક દિન (National Consumer Day) ..... 02
- મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) બિલ, 2023 ..... 02
- QUESTION ANSWERS ..... 06

**25 DEC-2023**

- દિવસ મહિમા : 25 ડિસેમ્બર, સુશાસન દિવસ (Good Governance Day) ..... 07
- The Telecommunication Bill, 2023 ..... 09
- ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2023 ..... 13
- ડો. વી.મોહિની ગીરીનું નિધન ..... 14
- QUESTION ANSWERS ..... 15

**26 DEC-2023**

- દિવસ મહિમા : 26 ડિસેમ્બર, વીર બાળ દિવસ ..... 17
- ચિલ્લાઈ કલાન (Chillai Kalan) ..... 18
- ભારત કૌશલ્ય રિપોર્ટ, 2024 (India Skils Report, 2024) ..... 18
- યુનેસ્કો પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ 2023 ..... 20
- ગેલેફૂ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ ..... 20
- QUESTION ANSWERS ..... 21

**27 DEC-2023**

- દિવસ મહિમા : 27 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ અથવા આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ ..... 22
- સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2023 ..... 22
- MedTech Mitra : ભારતની હેલ્થકેર નવીનતાઓમાં ક્રાંતિ લાવવી ..... 27
- QUESTION ANSWERS ..... 28

**28 DEC-2023**

- વાલ્મીકિ ટાઈગર રિઝર્વમાં વાઘની સંખ્યામાં વધારો ..... 29
- સિમલીપાલ ટાઈગર રિઝર્વમાં બ્લેક ટાઈગર ..... 30
- INS ઈમ્ફાલને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું ..... 31
- QUESTION ANSWERS ..... 33

**29 DEC-2023**

- રવીન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર ..... 34
- પ્રથમ સાયબર સુરક્ષા કેન્દ્રનું ઉદ્ઘાટન ..... 34
- યુરોપિયન કમિશનના ભૂતપૂર્વ પ્રમુખ જેક ડોલર્સનું નિધન ..... 35
- QUESTION ANSWERS ..... 36

**30 DEC-2023**

- પેન્ટોઈયા ટાગોરી (Pantoea Tagori) ..... 37
- પોંગ ડેમ વન્યજીવ અભયારણ્ય ..... 37
- ગ્વાલિયરે તાનસેન ફેસ્ટિવલમાં 'લાર્જેસ્ટ તબલા એન્સેમ્બલ' માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધ્યો ..... 38
- ITTF ગવર્નિંગ બોર્ડમાં પ્રથમ ભારતીય તરીકે સુશ્રી વિટા દાનીએ ઈતિહાસ રચ્યો ..... 39
- QUESTION ANSWERS ..... 39

**ONE LINER** ..... 40

**QUESTION OF THIS WEEK** ..... 46



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક દિન (National Consumer Day)




ભારતમાં દર વર્ષે 24 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.

- ભારતમાં Consumer Protection Act, 1986 (અથવા તો ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986)ના અમલને ભારતની ગ્રાહક સુરક્ષા ચળવળમાં ઐતિહાસિક સિમાચિહ્ન માનવામાં આવે છે.
- ભારતમાં ગ્રાહક સુરક્ષા એક્ટ, 1986ને રાષ્ટ્રપતિ દ્વારા 24 ડિસેમ્બર, 1986ના રોજ મંજૂરી આપવામાં આવી હતી.
- આથી આ એક્ટને 24 ડિસેમ્બરના રોજ મંજૂરી મળી હોવાથી ભારતમાં 24 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' તરીકે ઉજવાય છે.

નોંધ : (1) રાષ્ટ્રીય ગ્રાહક દિનને 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ' (National Consumer Right Day) તરીકે પણ ઉજવાય છે.

(2) ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' 24 ડિસેમ્બરના રોજ ઉજવાય છે. જ્યારે 'વિશ્વ ગ્રાહક દિવસ' 15 માર્ચના રોજ ઉજવાય છે.

## મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) બિલ, 2023

તાજેતરમાં 'મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) બિલ, 2023' રાજ્યસભા અને લોકસભામાંથી પસાર કરવામાં આવ્યું હતું.

- આ બિલ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂક અને સેવાની શરતો નક્કી કરવાની પ્રક્રિયામાં સુધારો કરવા માટે રજૂ કરવામાં આવ્યું હતું.
- આ બિલ ત્રણ સભ્યોની સમિતિમાંથી મુખ્ય ન્યાયાધીશને બાકાત રાખવાનો પ્રસ્તાવ મૂકે છે. જે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરના નામની રાષ્ટ્રપતિને ભલામણ કરે છે.
- હાલ સુધી સમિતિમાં વડાપ્રધાન, લોકસભામાં વિરોધપક્ષના નેતા અને મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ થતો હતો.

નોંધ : (1) માર્ચ, 2023માં સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેન્ચે સર્વસંમતિથી ચૂકાદો આપ્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક વડાપ્રધાન, લોકસભાના વિરોધપક્ષના નેતા અને ભારતના મુખ્ય ન્યાયાધીશની બનેલી એક સમિતિની સલાહ પર રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે.

(2) જાન્યુઆરી, 2015માં અનુપ બરનવાલએ એક PIL દાખલ કરી હતી કે ભારતીય ચૂંટણી પંચના સભ્યોની નિમણૂક કરવાની વર્તમાન પદ્ધતિ ગેર–બંધારણીય છે.

## બિલની મુખ્ય વિશેષતા

મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક, પસંદગી સમિતિની ભલામણ પર રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે.

- પસંદગી સમિતિમાં નીચેનાનો સમાવેશ થશે :

(1) અધ્યક્ષ તરીકે વડાપ્રધાન

(2) લોકસભાના સભ્ય તરીકે વિરોધ પક્ષના નેતા

(3) સભ્ય તરીકે નામાંકિત કેન્દ્રીય મંત્રી

નોંધ : જો વિપક્ષમાં કોઈ નેતા ઉપલબ્ધ ન હોય તો, લોકસભામાં સૌથી વધુ સંખ્યામાં લોકપ્રતિનિધિઓ ધરાવતા પક્ષના નેતા આ સમિતિના સભ્ય હશે.

## સર્ચ કમિટી

આ બિલમાં જણાવ્યા મુજબ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના પદો પર વિચારણા માટે પાંચ વ્યક્તિઓની પેનલ તૈયાર કરવા માટે સર્ચ કમિટી અથવા શોધ સમિતિ હશે.

- સર્ચ કમિટીનું નેતૃત્વ કેબિનેટ સચિવ કરશે અને તેમાં સચિવના દરજ્જાથી નીચેના ન હોય તેવા બે સભ્યોનો પણ સમાવેશ કરવામાં આવશે જેઓ ચૂંટણી સંબંધિત બાબતોમાં જ્ઞાન અને અનુભવ ધરાવતા હોય.

## પાત્રતાના માપદંડ

મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર બનવા માટે નીચે મુજબની પાત્રતા આવશ્યક છે :

(i) પ્રામાણિક વ્યક્તિ હોવા જોઈએ

(ii) ચૂંટણીના સંચાલન અને સંચાલનમાં જ્ઞાન અને અનુભવ ધરાવતા હોવા જોઈએ.

(iii) કેન્દ્ર સરકારના સચિવ અથવા સમકક્ષ દરજ્જો ધરાવતા હોવા જોઈએ.

## પગાર અને ભથ્થા

બિલમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો પગાર, ભથ્થું અને સેવાની શરતો, કેબિનેટ સચિવની જેમ જ હશે.

નોંધ : 1991ના કાયદા હેઠળ તેમનો પગાર સુપ્રીમ કોર્ટના જજના પગાર જેટલો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાર્યકાળ

બિલ વર્તમાન કાર્યકાળની જોગવાઈઓને જાળવી રાખે છે.

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ 6 વર્ષ અથવા 65 વર્ષની ઉંમરએ બેમાંથી જે પહેલા આવે તે હોય છે.

## પદ પરથી હટાવવાની પ્રક્રિયા

આ બિલ અગાઉની દૂર કરવાની પ્રક્રિયાને જાળવી રાખે છે.

- મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા એ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને દૂર કરવાની પ્રક્રિયા મુજબ છે.
- જ્યારે અન્ય ચૂંટણી કમિશનરને રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશનરની સલાહથી હટાવી શકે છે.

## રાજીનામું

બિલ અગાઉના અધિનિયમની સમાન જોગવાઈઓને જાળવી રાખે છે.

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે છે.

## મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર માટે રક્ષણ

આ બિલ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરને તેમના કાર્યકાળ દરમિયાન લેવાયેલી ક્રિયાઓ સંબંધિત કાયદાકીય કાર્યવાહીથી રક્ષણ આપે છે. જોકે આવી ક્રિયાઓ સત્તાવાર ફરજોના નિકાલમાં લેવામાં આવી હોય.

- આ સુધારાનો હેતુ આ અધિકારીઓને તેમના સત્તાવાર કાર્યોને લગતી સિવિલ અથવા ફોજદારી કાર્યવાહીથી બચાવવાનો છે.

**નોંધ :** (1) આ બિલ 'ચૂંટણી પંચ (ચૂંટણી કમિશનની સેવાની શરતો અને વ્યવસાયના વ્યવહાર) અધિનિયમ, 1991'ને રદ કરે છે.

(2) બિલમાં એવી જોગવાઈ છે કે જ્યારે પણ શક્ય હોય ત્યારે ચૂંટણી પંચનો વ્યવહાર સર્વસંમતિથી થવો જોઈએ, મતભેદના કિસ્સામાં બહુમતીનો મત પ્રબળ હશે.

(3) થોડા સમય પહેલા સુપ્રીમ કોર્ટે આપેલા ચૂકાદામાં ચૂંટણી સુધારણા પર દિનેશ ગોસ્વામી સમિતિ (1990) અને ચૂંટણી સુધારણા પર કાયદા પંચના 255માં અહેવાલ (2015)ની ભલામણોની નોંધ લીધી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય ચૂંટણી પંચ વિશે

કેન્દ્રીય ચૂંટણી પંચ એ એક <u>સ્થાયી અને બંધારણીય સંસ્થા</u> છે.

- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 324</u> અનુસાર લોકસભા, રાજ્યસભા, રાજ્ય વિધાનસભાઓ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓનું સંચાલન અને નિયંત્રણ કરે છે.
- ચૂંટણીપંચની સ્થાપના <u>25 જાન્યુઆરી, 1950</u>ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ <u>'રાષ્ટ્રીય મતદાતા દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં 'રાષ્ટ્રીય ગ્રાહક દિન' અથવા તો 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ડિસેમ્બર (B) 23 ડિસેમ્બર (C) 24 ડિસેમ્બર (D) 25 ડિસેમ્બર **(C)**

2. 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિન' ક્યારે ઉજવાય છે ?

(A) 24 ડિસેમ્બર (B) 25 ડિસેમ્બર (C) 15 જુલાઈ (D) 15 માર્ચ **(D)**

3. તાજેતરમાં 'મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) બિલ, 2023' સંસદમાંથી પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ વિશે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. આ બિલમાં મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની પસંદગી સમિતિમાંથી મુખ્ય ન્યાયાધીશને બાકાત રાખવામાં આવ્યા છે.
2. આ બિલમાં કરેલી જોગવાઈ મુજબ મુખ્ય અને અન્ય ચૂંટણી કમિશનરની પસંદગી સમિતિમાં વડાપ્રધાનશ્રી, રાજ્યસભાના અને લોકસભાના અધ્યક્ષ તથા એક કેબિનેટ મંત્રીનો સમાવેશ થાય છે.
3. આ બિલની જોગવાઈ મુજબ મુખ્ય અને અન્ય ચૂંટણી કમિશનરનો પગાર ભથ્થુ અને સેવાની શરતો કેબિનેટ સચિવની જેમ હશે.
4. આ બિલની જોગવાઈ મુજબ મુખ્ય અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ 6 વર્ષ અથવા 65 વર્ષ બેમાંથી જે પહેલા આવે તે દર્શાવ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

4. તાજેતરમાં સંસદમાં પસાર થયેલા 'મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરો (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) બિલ, 2023'માં દર્શાવ્યા મુજબ મુખ્ય અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક માટેની પસંદગી સમિતિમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

1. વડાપ્રધાન (અધ્યક્ષ તરીકે)
2. વિરોધ પક્ષના નેતા (લોકસભાના સભ્ય તરીકે)
3. કેન્દ્રીય મંત્રી
4. રાજ્યસભાના સભાપતિ
5. ઉપરાષ્ટ્રપતિ
6. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 5 અને 6 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 6 (D) ફક્ત 1, 3, 5 અને 6 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 25 ડિસેમ્બર, સુશાસન દિવસ (Good Governance Day)

ભારતમાં દર વર્ષે 25 ડિસેમ્બરના રોજ 'સુશાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- ભારતમાં પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈની યાદમાં તેમનો જન્મદિન 25 ડિસેમ્બર 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે.
- શ્રી અટલ બિહારી વાજપેઈનો જન્મ 25 ડિસેમ્બર, 1924ના રોજ મધ્યપ્રદેશના ગ્વાલિયર ખાતે થયો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા વર્ષ 2014થી 'સુશાસન દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### શ્રી અટલ બિહારી વાજપેઈ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

તેઓ પ્રથમ વખત 16 મે, 1996ના રોજ ભારતના વડાપ્રધાન બન્યા હતા.

- આ સમયે તેઓ ઉત્તરપ્રદેશના લખનૌ અને ગુજરાતના ગાંધીનગર મતક્ષેત્રમાંથી લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા.
- જોકે ત્યારબાદ તેમણે ગાંધીનગર મતક્ષેત્રમાંથી રાજીનામું આપ્યું હતું.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી ભારતના 10મા વડાપ્રધાન હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજી વડાપ્રધાન તરીકે પાંચ વર્ષની ટર્મ પુરી કરનાર પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા.
- શ્રી અટલ બિહારી વાજપેયીજીએ NDA (National Democratic Alliance) નામના ગઠબંધનના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.
- NDA ગઠબંધનના તેઓ પ્રથમ વડાપ્રધાન હતા.
- તેઓ લોકસભાના સભ્ય તરીકે 10 વખત ચૂંટાયા હતા. અને બે વખત રાજ્યસભાના સાંસદ રહ્યા હતા.
- અલગ–અલગ સામાન્ય ચૂંટણીઓમાં અલગ–અલગ ચાર રાજ્યોમાંથી કુલ છ લોકસભા બેઠકો પર વિજેતા બનનાર તેઓ એકમાત્ર સાંસદ હતા.
- તેઓ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત અને દિલ્હીમાંથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.



- છેલ્લે તેઓ 2009 સુધી ઉત્તરપ્રદેશની લખનૌ લોકસભા બેઠકના સભ્ય હતા.
- તેમને વર્ષ 2015માં રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી દ્વારા ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન એનાયત થયો હતો.

## વડાપ્રધાન તરીકે મહત્ત્વની કામગીરી

શ્રી અટલ બિહારી વાજપેયીજીએ ભારતના વડાપ્રધાન તરીકે અનેક મહત્ત્વના કાર્યો કર્યા હતા. તેમાંથી તેમના ખૂબ જ અગત્યના કાર્યો આ પ્રમાણે છે :

### પરમાણુ પરીક્ષણ

તેમના નેતૃત્વ હેઠળ 11 મે, 1998ના રોજ ભારતે રાજસ્થાનના પોખરણ ખાતેથી 'ઓપરેશન શક્તિ' (મૂળનામ : ઓપરેશન શક્તિ-98) અંતર્ગત પરમાણુ બોમ્બનું બીજું સફળ પરીક્ષણ કર્યું હતું. આ પરમાણુ પરીક્ષણને 'પોખરણ-II' તરીકે પણ ઓળખવામાં આવે છે.

### સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના

ભારતના ચાર મોટા શહેરો દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતાને હાઈવે નેટવર્ક દ્વારા જોડવા માટે 'સ્વર્ણિમ ચતુર્ભુજ' યોજનાની શરૂઆત કરી.

### દિલ્હી-લાહોર બસ સેવા

પાકિસ્તાન સાથે સબંધો સુધારવા માટે 19 ફેબ્રુઆરી, 1999ના રોજ 'સદા–એ–સરહદ'ના નામથી દિલ્હીથી પાકિસ્તાનના લાહોર સુધી બસ સેવાનો પ્રારંભ કર્યો.

- આ બસ સેવાનું ઉદ્દઘાટન કરીને બસના પ્રથમ યાત્રી તરીકે તેઓ જાતે જ બસમાં બેસીને દિલ્હીથી લાહોર ગયા હતા.

### કારગીલ યુદ્ધમાં વિજય

ભારત–પાકિસ્તાન વચ્ચે થયેલા કારગીલ યુદ્ધમાં 26 જુલાઈ, 1999ના રોજ ભારતીય સેનાએ પાકિસ્તાનને પરાજય આપ્યો.

### 14 વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણ

ભારતમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'સર્વ શિક્ષા અભિયાન'ની શરૂઆત કરવામાં આવી.

- 2001માં શરૂ કરવામાં આવેલી આ યોજના અંતર્ગત 6 થી 14 વર્ષ સુધીના બાળકોને મફત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી.
- અને આ ઉપરાંત તેને મૌલિક અધિકાર બનાવવામાં આવ્યો.

## ચંદ્રયાન-1

15 ઓગસ્ટ, 2003ના રોજ લાલ કિલ્લા પરથી દેશને સંબોધિત કરતા શ્રી અટલ બિહારી વાજપેયીજીએ ચંદ્રયાન-1 પ્રોજેક્ટની જાહેરાત કરી.

- આ અંતર્ગત 22 ઓક્ટોબર, 2008ના રોજ શ્રી હરિકોટા ખાતેથી 'ચંદ્રયાન-1' લોન્ચ કરવામાં આવ્યું.

## દૂરસંચાર ક્રાંતિ

દૂરસંચાર ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે ટેલિકોમ કંપનીઓ માટે ફિક્સ્ડ લાઈસન્સની ફી નાબૂદ કરીને 'રેવન્યુ શેરિંગ'ની વ્યવસ્થા શરૂ કરી.

- 1 ઓક્ટોબર, 2000ના રોજ BSNLની સ્થાપના કરવામાં આવી.
- નવી ટેલિકોમ નીતિ જાહેર કરી.

## સદૈવ અટલ

25 ડિસેમ્બર, 2018ના રોજ નવી દિલ્હી ખાતે 'ભારત રત્ન' શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધિ 'સદૈવ અટલ' રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી હતી.

- નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે સ્મૃતિ સ્થળ પર 'સદૈવ અટલ' નામનું આ સમાધિ સ્થળ બનાવવામાં આવ્યું છે.
- આ સમાધિના પ્લેટફોર્મ પર બ્લેક ગ્રેનાઈટ પથ્થરના નવ ચોરસ બોક્સ છે. તેની મધ્યમાં 'દીવા'ની પ્રતિકૃતિ છે.
- આ નવ નંબર નવરાસ, નવરાત્ર અને નવગ્રહનું પ્રતિનિધિત્વ કરે છે.
- આ સમાધિનું નિર્માણ રૂ. 10.51 કરોડના ખર્ચે 'અટલ સ્મૃતિ ન્યાસ સોસાયટી' દ્વારા કરાવવામાં આવ્યું છે.
- આ સમાધિના નિર્માણ માટે દેશના વિવિધ ભાગોમાંથી લાવવામાં આવેલા પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- જેમાં સમાધિનો મુખ્ય પથ્થર તેલંગણાની ખમ્મમની પ્રસિદ્ધ ખાણમાંથી લાવવામાં આવ્યો છે.

# The Telecommunication Bill, 2023




તાજેતરમાં લોકસભા અને રાજ્યસભામાં 'ટેલિકોમ્યુનિકેશન બિલ, 2023' પસાર કરવામાં આવ્યું હતું.

- આ બિલ ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, 1885 અને ઈન્ડિયન વાયરલેસ ટેલિગ્રાફી એક્ટ, 1933નું સ્થાન લેશે.
- આ ઉપરાંત તે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) એક્ટ, 1997માં પણ સુધારો કરે છે.

## ટેલિકોમ્યુનિકેશન બિલ, 2023ની મુખ્ય જોગવાઈઓ

### ટેલિકોમ્યુનિકેશન સંબંધિત પ્રવૃત્તિઓ માટે સત્તા

કેન્દ્ર સરકાર પાસેથી નીચે મુજબની પૂર્વ અધિકૃતતાની જરૂર પડશે :

(1) ટેલિકોમ્યુનિકેશન સેવાઓ પ્રદાન કરવી

(2) ટેલિકોમ્યુનિકેશન નેટવર્કની સ્થાપના, સંચાલન જાળવણી અથવા વિસ્તરણ, અથવા

(3) રેડિયો સાધનો ધરાવવા

- હાલના લાયસન્સ તેમની ગ્રાન્ટના સમયગાળા માટે અથવા પાંચ વર્ષ માટે માન્ય રહેશે, જ્યાં સમયગાળો ઉલ્લેખિત નથી.

### સ્પેક્ટ્રમની ફાળવણી

ઉલ્લેખિત ઉપયોગો સિવાય સ્પેક્ટ્રમ હરાજી દ્વારા ફાળવવામાં આવશે, જ્યાં તેને વહીવટી ધોરણે ફાળવવામાં આવશે.

- તેમાં રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ, આપત્તિ વ્યવસ્થાપન, હવામાનની આગાહી, પરિવહન, DTH અને સેટેલાઈટ ટેલિફોની જેવી સેટેલાઈટ સેવાઓ તથા BSNL, MTNL અને જાહેર પ્રસારણ જેવા હેતુઓનો સમાવેશ થાય છે.
- કેન્દ્ર સરકાર કોઈપણ ફ્રિકવન્સી રેન્જને પુનઃઉદ્દેશ અથવા ફરીથી ફાળવી શકે છે.
- કેન્દ્ર સરકારના સ્પેક્ટ્રમના શેરિંગ, ટ્રેડિંગ, લીઝિંગ અને સરન્ડરની પણ મંજૂરી આપી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સેટેલાઈટ ઈન્ટરનેટની ફાળવણી

આ બિલ વનવેબ (ભારતીય દ્વારા સમર્થિત) અને સ્પેસએક્સની સ્ટારલિંક જેવી અમેરિકા સ્થિત કંપનીઓ જેવા સેટેલાઈટ ઈન્ટરનેટ પ્રદાતાઓને સ્પેક્ટ્રમ ફાળવવાની જોગવાઈઓ રજૂ કરે છે.

- હાલમાં Oneweb અને Jioને સક્રિય અધિકૃતા આપવામાં આવી છે, જે સેટેલાઈટ–આધારિત ઈન્ટરનેટ સેવાઓ માટે માર્ગ મોકળો કરે છે.

### અવરોધ અને શોધની શક્તિઓ

બે અથવા વધુ વ્યક્તિઓ વચ્ચેના સંદેશાઓ અથવા સંદેશાઓના વર્ગને અમુક આધારો પર અટકાવી શકાય છે. અથવા અવરોધિત કરી શકાય છે.

- આવી ક્રિયાઓ જાહેર સલામતી અથવા જાહેર કટોકટીના હિતમાં જરૂરી અથવા યોગ્ય હોવી જોઈએ અને રાજ્યની સુરક્ષા, ગુનાખોરી અથવા જાહેર વ્યવસ્થાને ઉશ્કેરવાની રોકથામ સહિતના નિર્દિષ્ટ આધારોના હિતમાં હોવા જોઈએ.
- તેના આધારે ટેલિકોમ સેવાઓ સસ્પેન્ડ કરી શકાય છે.
- સરકાર કોઈપણ જાહેર કટોકટી અથવા જાહેર સલામતીના કિસ્સામાં કોઈપણ ટેલિકોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નેટવર્ક અથવા સેવાઓનો અસ્થાયી કબજો લઈ શકે છે.
- સરકાર દ્વારા અધિકૃત કોઈપણ અધિકારી જગ્યાઓ અથવા અનધિકૃત ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક અથવા સાધનો ધરાવતા વાહનોની શોધ કરી શકે છે.

## ધોરણો સ્પષ્ટ કરવાની સત્તાઓ

કેન્દ્ર સરકાર ટેલિકોમ્યુનિકેશન સાધનો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નેટવર્ક અને સેવાઓ માટે ધોરણો અને રેટિંગ્સ નક્કી કરી શકે છે.

## માર્ગનો અધિકાર

ઉપયોગિતા પ્રદાતાઓ ટેલિકોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના માટે જાહેર અથવા ખાનગી મિલકત પર રાઈટ–ઓફ–વે/ માર્ગના અધિકારની માંગ કરી શકે છે.

- શક્ય હોય ત્યાં સુધી માર્ગનો અધિકાર બિન–ભેદભાવ અને બિન–વિશિષ્ટ ધોરણે પ્રદાન કરવો જોઈએ.

## વપરાશકર્તાઓની સુરક્ષા

કેન્દ્ર સરકાર વપરાશકર્તાઓને સુરક્ષિત કરવા માટે પગલા આપી શકે છે. જેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(1) જાહેરાત સંદેશાઓ જેવા સ્પષ્ટ સંદેશાઓ પ્રાપ્ત કરવા માટે પૂર્વ સંમતિ,

(2) ડુ નોટ ડિસ્ટર્બ રજિસ્ટર બનાવવું,

(3) વપરાશકર્તાઓની મંજૂરી આપવા માટેની પદ્ધતિ

- ટેલિકોમ ગ્રાહકો માટે સ્પામ કોલ્સ અને સંદેશાઓ સાથે વ્યવહાર કરવા માટે બાયોમેટ્રિક પ્રમાણિકરણ ફરજિયાત છે.
- ટેલિકોમ સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓએ નોંધણી અને ફરિયાદોના નિરાકરણ માટે એક ઓનલાઈન મિકેનિઝમ સ્થાપિત કરવું પડશે.

## TRAIમાં નિમણૂકો

બિલ TRAI એક્ટમાં સુધારો કરે છે અને તે વ્યક્તિઓને પણ મંજૂરી આપે છે :

(1) અધ્યક્ષ તરીકે સેવા આપવા માટે ઓછામાં ઓછા 30 વર્ષનો વ્યાવસાયિક અનુભવ, અને

(2) સભ્યો તરીકે ઓછામાં ઓછો 25 વર્ષનો વ્યાવસાયિક અનુભવ હોવો જોઈએ.

## ડિજિટલ ઈન્ડિયા ફંડ

વંચિત વિસ્તારોમાં ટેલિકોમ્યુનિકેશન સેવાઓ પૂરી પાડવા માટે 1885ના કાયદા હેઠળ યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડની સ્થાપના કરવામાં આવી હતી.

- બિલ આ જોગવાઈ જાળવી રાખે છે, પરંતુ આ ફંડનું નામ બદલીને ડિજિટલ ઈન્ડિયા ફંડ રાખે છે અને સંશોધન તથા વિકાસ માટે તેનો ઉપયોગ કરવાની પણ મંજૂરી આપે છે.

## OTT એપ્સનું નિયમન

તેણે ઓવર–ધ–ટોપ (OTT) સેવાઓ અને એપ્સને ટેલિકોમ સેવાઓની વ્યાખ્યામાંથી દૂર કરી દીધી છે, જેનાથી WhatsApp અને ટેલિગ્રામ જેવા સંચાર સેવા પ્રદાતાઓને મોટી રાહત મળી છે.

- ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય સંભવિત ડિજિટલ ઈન્ડિયા એક્ટ હેઠળ OTT એપ્સના નિયમનનું સંચાલન કરશે, જે ટેલિકોમ બિલમાં સામેલ નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુનાઓ અને દંડ

આ બિલ વિવિધ ફોજદારી અને નાગરિક ગુનાઓને સ્પષ્ટ કરે છે.

- અધિકૃતતા વિના ટેલિકોમ્યુનિકેશન સેવાઓ પ્રદાન કરવી અથવા ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક અથવા ડેટાની અનધિકૃત એક્સેસ મેળવવા માટે ત્રણ વર્ષ સુધીની જેલ, બે કરોડ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજાને પાત્ર છે.
- ઓથોરિટીના નિયમો અને શરતોનું ઉલ્લંઘન કરવા પર 5 કરોડ રૂપિયા સુધીનો નાગરિક દંડ થઈ શકે છે.
- અનધિકૃત ઉપકરણ રાખવા અથવા અનધિકૃત નેટવર્ક અથવા સેવાનો ઉપયોગ કરવા પર 10 લાખ રૂપિયા સુધિનો દંડ થઈ શકે છે.

## નિર્ણય પ્રક્રિયા

કેન્દ્ર સરકાર વિધેયક હેઠળના નાગરિક અપરાધો સામે તપાસ કરવા અને આદેશો પસાર કરવા માટે એક નિર્ણાયક અધિકારી નિમણૂક કરશે.

- અધિકારી સંયુક્ત સચિવ અને તેનાથી ઉપરના હોદ્દાનો હોવો જોઈએ.
- નિર્ણાયક અધિકારીઓના આદેશો સામે 30 દિવસની અંદર નિયુક્ત અપીલ સમિતિ સમક્ષ અપીલ કરી શકાય છે.
- ટેલિકોમ ડિસ્પ્યુટ્સ સેટલમેન્ટ એન્ડ એપેલેટ ટ્રિબ્યુનલ (TDSAT)માં નિયમો અને શરતોના ઉલ્લંઘન અંગે સમિતિના આદેશો સામે અપીલ 30 દિવસની અંદર ફાઈલ કરી શકાય છે.

### વિશ્વસનીય સ્ત્રોત સિસ્ટમ

સંભવિત પ્રતિકૂળ દેશોમાંથી ટેલિકોમ્યુનિકેશન સાધનોની આયાતને રોકવા માટે 2020માં ભારત–ચીન સરહદ સંઘર્ષ પછી શરૂઆતમાં સ્થાપિત કરાયેલા પગલાને હવે કાયદામાં એકીકૃત કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) ભારતમાં ટેલિકોમ ઉદ્યોગ ઓગસ્ટ, 2023 સુધીમાં 1.179 બિલિયન (વાયરલેસ + વાયરલાઈન વપરાશકર્તાઓ)ના વપરાશકર્તા આધાર સાથે વિશ્વમાં બીજા નંબરનો સૌથી મોટો ઉદ્યોગ છે.

(2) FDIના પ્રવાહની દષ્ટિએ તે ચોથું સૌથી મોટું ક્ષેત્ર છે, જે કુલ FDIના પ્રવાહમાં 6% ફાળો આપે છે.

(3) ભારતમાં કુલ ટેલી–ડેન્સિટી 84.69% છે. ટેલી–ડેન્સિટી એ 100 વસતી દીઠ ટેલિફોનની સંખ્યાનો સંદર્ભ આપે છે. અને તે દૂરસંચારની એક્સેસનું મુખ્ય સૂચક છે.

## ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2023

તાજેતરમાં 'ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2023'ની પ્રથમ આવૃત્તિનું આયોજન 10 થી 17 ડિસેમ્બર, 2023 દરમિયાન દિલ્હીમાં 3 સ્થળોએ કરવામાં આવ્યું હતું.




- ભારતના તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી લગભગ 1450 પેરા એથ્લેટ્સે ભાગ લીધો હતો.
- પેરા એથ્લેટિક્સ, પેરા શૂટિંગ, પેરા તીરંદાજી, પેરા ફૂટબોલ, પેરા બેડમિન્ટન, પેરા ટેબલ ટેનિસ અને પેરા વેઈટ લિફ્ટિંગ જેવી રમતોનો આ સ્પર્ધામાં સમાવેશ થયો હતો.
- ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2023નું માસ્કોટ 'Ujjwala-a sparrow' હતું.
- ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2023 ઈવેન્ટની આ શરૂઆતની આવૃત્તિમાં હરિયાણાએ 40 ગોલ્ડ, 39 સિલ્વર અને 26 બ્રોન્ઝ સહિત કુલ 105 મેડલ મેળવીને ટોચનું સ્થાન મેળવ્યું હતું.
- ત્યારબાદ ઉત્તરપ્રદેશ કુલ 62 મેડલ જીતીને મેડલ ટેલીમાં બીજા સ્થાને રહ્યું છે.
- જ્યારે મેડલ ટેલીમાં તમિલનાડુ ત્રીજા અને ગુજરાત ચોથા ક્રમે હતું.

## ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2023 મેડલ ટેલી

| ક્રમ | રાજ્ય | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1. | હરિયાણા | 40 | 39 | 26 | 105 |
| 2. | ઉત્તરપ્રદેશ | 25 | 23 | 14 | 62 |
| 3. | તમિલનાડુ | 20 | 8 | 14 | 42 |
| 4. | ગુજરાત | 15 | 22 | 20 | 57 |
| 5. | મહારાષ્ટ્ર | 12 | 7 | 16 | 35 |

**નોંધ :** ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સના આયોજન પાછળ કેન્દ્ર સરકારનો ઉદ્દેશ્ય પેરા એથ્લેટ્સને સશક્ત કરવાનો છે. શારીરિક રીતે વિકલાંગોના કલ્યાણ માટે ઘણા મુખ્ય પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે.

## ડો. વી.મોહિની ગીરીનું નિધન

પ્રસિદ્ધ મહિલા અધિકાર કાર્યકર્તા ડો.વી.મોહિની ગીરીનું તાજેતરમાં 86 વર્ષની વયે નિધન થયું છે.

- તેમણે ભારતમાં મહિલાઓના સશક્તિકરણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

### ડો.વી.મોહિની ગીરી



ડો.વી. મોહિની ગીરીનો જન્મ 15 જાન્યુઆરી, 1938ના રોજ લખનૌ ખાતે થયો હતો.

- તેઓ ભારતના પ્રસિદ્ધ સામાજિક અને મહિલા અધિકાર કાર્યકર્તા હતા.
- તેમણે 1995 થી 1998 સુધી રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત તેમણે સમાજ કલ્યાણ બોર્ડનું પણ નેતૃત્વ કર્યુ હતું.
- તથા તેઓ ગિલ્ડ ઓફ સર્વિસના વડા પણ હતા, જે નવી દિલ્હીમાં એક સંસ્થા છે. તે શિક્ષણ, રોજગાર અને નાણાકીય સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરીને મહિલાઓ અને બાળકોના અધિકારોને સમર્થન આપે છે.
- 1972માં તેમણે વોર વિધવા એસોસિએશનની સ્થાપના કરી હતી.
- વર્ષ 2007માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મ ભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

1. ભારતમાં 'સુશાસન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 ડિસેમ્બર (B) 24 ડિસેમ્બર (C) 25 ડિસેમ્બર (D) 26 ડિસેમ્બર

**(C)**

2. ભારતમાં કોનો જન્મ દિવસ 'સુશાસન દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (B) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક

(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી અટલ બિહારી વાજેપેઈ

**(D)**

3. ભારતમાં શ્રી અટલ બિહારી વાજેપેઈના જન્મ દિવસને 'સુશાસન દિવસ' તરીકે ઉજવવાનો પ્રારંભ કયારથી થયો હતો ?

(A) 2013 (B) 2014 (C) 2015 (D) 2016

**(B)**

4. ભારતમાં નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે સ્મૃતિ સ્થળ પર આવેલી શ્રી અટલ બિહારી વાજપેઈની સમાધીનું નામ શું છે ?

(A) અટલ ઘાટ (B) અટલ સ્મૃતિ (C) સદૈવ અટલ (D) અમર અટલ

**(C)**

5. તાજેતરમાં ભારતની સંસદમાંથી 'The Telecommunication Bill, 2023' પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, 1885 અને ઈન્ડિયન વાયરલેસ ટેલિગ્રાફી એક્ટ, 1993નું સ્થાન લેશે.
2. આ બિલમાં 'બે અથવા વધુ વ્યક્તિઓ વચ્ચેના સંદેશાઓ અથવા સંદેશાઓના વર્ગને અમુક આધારો પર અટકાવી શકાય છે' તેવી જોગવાઈ કરવામાં આવી છે.
3. આ બિલ અંતર્ગત 'યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ'નું નામ બદલીને 'ડિજિટલ ઈન્ડિયા ફંડ' કરવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 (D) 1, 2 અને 3

**(D)**

6. તાજેતરમાં પ્રથમ 'ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2023'નું આયોજન ક્યાં થયું હતું ?

(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) અમદાવાદ (D) બેંગ્લુરુ

**(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 7. | ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ 2023માં મેડલ ટેલીમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય હતું ?<br>(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) ઉત્તરપ્રદેશ (D) હરિયાણા | (D) |
| 8. | ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ, 2023માં મેડલ ટેલીમાં બીજા ક્રમે કયું રાજ્ય હતું ?<br>(A) મહારાષ્ટ્ર (B) તમિલનાડુ (C) ઉત્તરપ્રદેશ (D) ગુજરાત | (C) |
| 9. | તાજેતરમાં ડો. વી.મોહિની ગીરીનું નિધન થયું હતું. તેઓ કોણ હતું ?<br>(A) પત્રકાર અને લેખક (B) મહિલા અધિકાર કાર્યકર્તા<br>(C) રસાયણ અને ભૌતિક વૈજ્ઞાનિક (D) ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય સચિવ | (B) |




## દિવસ મહિમા : 26 ડિસેમ્બર, વીર બાળ દિવસ

26 ડિસેમ્બરને 'વીર બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસ સાહિબજાદાઓ એટલે કે શ્રી ગુરુ ગોવિંદસિંહના ચાર પુત્રોને શ્રદ્ધાંજલિ આપવા માટે ઉજવવામાં આવે છે.
- આ તારીખ એટલા માટે પસંદ કરવામાં આવી છે કારણ કે આ દિવસ સાહિબજાદા જોરાવાર સિંહ અને ફતેહસિંહના 'શહીદ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, જેઓ અનુક્રમે છ અને નવ વર્ષની વયે મુઘલ સેના દ્વારા સરહિંદ (પંજાબ)માં શહિદ થયા હતા.
- સાહિબજાદા જોરાવર સિંહ અને સાહિબજાદા ફતેહસિંહ શીખ ધર્મના સૌથી આદરણીય શહીદોમાંના છે.
- 1704માં ઔરંગઝેબના આદેશ પર મુઘલ સૈનિકોએ આનંદપુર સાહિબને ઘેરી લીધુ હતું. જેમાં શ્રી ગુરુ ગોવિંદસિંહના બે પુત્રો પકડાઈ ગયા હતા.
- અને આ બંને પુત્રને જણાવવામાં આવ્યું હતું કે તે પોતાના ધર્મ બદલાવી નાખે તો તેમને મૃત્યુ દંડની સજા થશે નહીં.
- પરંતુ બન્ને પુત્રોએ અધાર્મિક માર્ગને અનુસરવાને બદલે મૃત્યુને પસંદ કર્યુ હતું. અને તેમને ઈંટો વડે જીવતા બાંધવામાં આવ્યા હતા.
- ચારેય સાહિબજાદાઓ ક્યારેય અન્યાય સામે ઝૂક્યા નથી. તેઓ સુમેળ ભર્યુ વિશ્વ બનાવવા માંગતા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



નોંધ : (1) પંજાબી ભાષામાં સાહિબજાદેનો અર્થ પુત્ર થાય છે. આ શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે શીખ ધર્મના ગુરુ ગોવિંદસિંહના ચાર પુત્રોના સંદર્ભમાં થાય છે.

(2) તેમના ચાર પુત્રો સાહિબજાદા બાબા અજીતસિંહ, જુઝારસિંહ, જોરાવર સિંહ અને ફતેહસિંહ હતા.

(3) ગુરુ ગોવિંદસિંહના મોટા પુત્રોને 'વડા સાહિબજાદે' પણ કહેવામાં આવે છે.

(4) સાહિબજાદાઓ 21 ડિસેમ્બરથી 26 ડિસેમ્બરની વચ્ચે મૃત્યુ પામ્યા હતા. દર વર્ષે આ સમયગાળા દરમિયાન શીખ લોકો 'સંગત'નું પાલન કરે છે.

(5) પંજાબીમાં સંગતનો અર્થ 'સાથી' થાય છે. આ દરમિયાન શિખો ભજન ગાય છે અને કીર્તન કરે છે.

## ચિલ્લાઈ કલાન (Chillai Kalan)

કાશ્મીરમાં 40 દિવસના સૌથી કઠોર શિયાળાના સમયગાળાને 'ચિલ્લાઈ કલાન' તરીકે ઓળખવામાં આવે છે.

- આ સમયગાળો તાજેતરમાં શરૂ થયો છે.

### ચિલ્લાઈ કલાન વિશે

કાશ્મીરમાં દર વર્ષે 21 ડિસેમ્બરથી 29 જાન્યુઆરી સુધીનો આ સખત શિયાળાનો સમયગાળો છે.

- 'ચિલ્લાઈ કલાન' એ એક ફારસી શબ્દ છે જેનો અર્થ થાય છે 'મહાન શિયાળો' અથવા 'મુખ્ય શિયાળો'.
- ચિલ્લાઈ કલાન પછી 20 દિવસનો 'ચિલ્લાઈ ખુર્દ' (ટૂંકો શિયાળો) આવે છે જે 30 થી 18 જાન્યુઆરી સુધી ચાલે છે.



- અને ત્યારબાદ 10 દિવસનો 'ચિલ્લાઈ બચ્ચા' (બેબી કોલ્ડ) સમયગાળો આવે છે. જે 19 ફેબ્રુઆરીથી 28 ફેબ્રુઆરી સુધી હોય છે.
- આ 40 દિવસનો સમયગાળો કાશ્મીરના લોકો માટે ઘણી મુશ્કેલીઓ લાવે છે કારણ કે આ સમયગાળા દરમિયાન તાપમાનમાં ઘટાડો જોવા મળે છે.
- જેના કારણે પ્રખ્યાત દાલ સરોવરો સહિત જળાશયો થીજી થાય છે.
- આ 40 દિવસ દરમિયાન હિમવર્ષા થવાની સંભાવના વધુ હોય છે.

## ભારત કૌશલ્ય રિપોર્ટ, 2024 (India Skils Report, 2024)

તાજેતરમાં વ્હીબોક્સે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (AICTE), કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી અને એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ સહિત વિવિધ એજન્સીઓના સહયોગથી 'ઈન્ડિયા સ્કીલ્સ રિપોર્ટ–2024' પ્રકાશિત કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



- જેમાં ભારતના સ્કિલ લેન્ડસ્કેપ અને વર્કફોર્સ પર AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ની અસર પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.
- તેની થીમ 'કાર્ય, કુશળતા અને ગતિશીલતાના ભાવી પર AIની અસર' હતી.
- આ રિપોર્ટના તારણો એ 3.88 લાખ ઉમેદવારોના મૂલ્યાંકનનું પરિણામ છે, જેમણે સમગ્ર ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓમાં વ્હીબોક્સ નેશનલ એમ્પ્લોયબિલિટી ટેસ્ટ (WNET) આપી હતી.

**નોંધ :** (1) Wheebox એ પ્રોક્ટોરેડ એસેસમેન્ટ અને કન્સલ્ટિંગ સેવાઓમાં અગ્રણી કંપનીઓમાંની એક છે, જેનું મુખ્ય મથક ભારતમાં છે અને GCC (ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ) દેશોમાં વિસ્તરણ કરવામાં આવ્યું છે.

(2) Wheebox વિશ્વભરના કોર્પોરેશનો, સંસ્થાઓ અને સરકારોને લાખો મૂલ્યાંકનો અને ડેટા પ્રદાન કરે છે.

## રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

ભારત AI કૌશલ્યોના પ્રવેશ અને પ્રતિભાની ઘનતામાં અગ્રણી વૈશ્વિક સ્થાન ધરાવે છે, જે AI પ્રોફેશનલ્સનો મજબૂત આધાર સૂચવે છે.

- દેશમાં ઓગસ્ટ 2023 સુધીમાં 4.16 લાખ AI પ્રોફેશનલ્સ હતા, જે 2026 સુધીમાં 10 લાખના આંક સુધી પહોંચવાની અપેક્ષિત વધતી માંગને પહોંચી વળવા તૈયાર છે.
- ભારતમાં ML એન્જિનિયર, ડેટા સાયન્ટિસ્ટ, DevOps એન્જિનિયર અને ડેટા આર્કિટેક જેવી મુખ્ય ભૂમિકાઓમાં માંગ–પુરવઠાનો તફાવત 60-73% સુધીનો છે.
- ભારતમાં એકંદરે યુવા રોજગાર ક્ષમતામાં સુધારો થયો છે, જે 51.25% સુધી પહોંચ્યો છે.
- હરિયાણામાં સૌથી વધુ રોજગારી યોગ્ય યુવાનો છે, આ ક્ષેત્રના 76.47% પરીક્ષાર્થીઓએ WNET પર 60% અને તેથી વધુ ગુણ મેળવ્યા છે.
- વિવિધ વય જૂથો રોજગાર ક્ષમતાના વિવિધ સ્તરો દર્શાવે છે. ઉદાહરણ તરીકે 22 થી 25 વર્ષની વય જૂથમાં ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યો ઉચ્ચ પ્રતિભા એકાગ્રતા સાથે સામે આવ્યા છે.
- 18 થી 21 વયજૂથમાં સૌથી વધુ રોજગારી યોગ્ય પ્રતિભાઓ તેલંગાણામાં છે.
- ગુજરાતમાં 26 થી 29 વર્ષની વયજૂથમાં રોજગાર યોગ્ય સંશાધનોની ઉપલબ્ધતા સૌથી વધુ છે.
- કેરળ એ રોજગારી યોગ્ય પ્રતિભા અંગે કામ કરવા માટે સ્ત્રી અને પુરુષ બંને માટે સૌથી વધુ પસંદગીનું રાજ્ય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુનેસ્કો પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ 2023



બેંગ્લુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ 2(T2)ને તાજેતરમાં બે પ્રતિષ્ઠિત યુનેસ્કો પ્રિક્સ વર્સેલ્સ 2023 પુરસ્કાર પ્રાપ્ત થયા છે.

- તેને વિશ્વના સૌથી સુંદર એરપોર્ટમાંના એક તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું છે.
- અને તેને પ્રતિષ્ઠિત 'વર્લ્ડ સ્પેશિયલ એવોર્ડ ફોર ઈન્ટિરિયર્સ 2023' મળ્યો છે.
- 2015થી યુનેસ્કો દ્વારા વાર્ષિક ધોરણે જાહેર કરાયેલ પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ, વૈશ્વિક આર્કિટેક્ચર અને ડિઝાઈનમાં અસાધારણ સિદ્ધિઓનું સન્માન કરે છે.
- આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સાંસ્કૃતિક ઉત્પ્રેરક તરીકે વિચારશીલ ટકાઉપણુના મહત્ત્વ પર ભાર મૂકે છે. જે નવીનતા, સર્જનાત્મકતા, સ્થાનિક વારસાના પ્રતિબિંબ, પર્યાવરણીય કાર્યક્ષમતા અને સામાજિક ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહન આપે છે.

## ગેલેફૂ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ

તાજેતરમાં ભૂટાનના રાજાએ આસામની સરહદ પર 1000 ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં વિશાળ 'આંતરરાષ્ટ્રીય શહેર' બનાવવાની યોજના જાહેર કરી છે. આ પ્રોજેક્ટ ગેલેફૂ પ્રોજેક્ટ તરીકે ઓળખાય છે.

### ગેલેફૂ સ્માર્ટ સિટી પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ

તે 'ભારતના ઉત્તર–પૂર્વીય રાજ્યો દ્વારા દક્ષિણ એશિયાને દક્ષિણ પૂર્વ એશિયા સાથે જોડતો આર્થિક કોરિડોર' હશે.

- આ શહેર પર્યાવરણીય ધોરણો અને ટકાઉ વિકાસને ધ્યેય તરીકે વળગી રહેવાની અપેક્ષા રાખે છે અને 'ખાસ રૂપે તપાસેલ' આંતરરાષ્ટ્રીય કંપનીઓ પાસેથી 'ગુણવત્તાવાળા રોકાણો' આકર્ષવાનું લક્ષ્ય રાખશે.
- આ પ્રોજેક્ટમાં 'શૂન્ય ઉત્સર્જન' ઉદ્યોગો અને 'માઈન્ડફુલનેસ સિટી' સામેલ હશે જે ભૂટાનને પ્રવાસન અને સુખાકારી તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓમાં પાવરહાઉસ તરીકે સ્થાપિત કરશે.
- આ પ્રોજેક્ટ 'વિશેષ વહીવટી પ્રદેશ' સાથે સંબંધિત હોવાની ધારણા છે. જે વધુ આંતરરાષ્ટ્રીય રોકાણની સુવિધા માટે વિવિધ કાયદાઓ હેઠળ અમલમાં આવશે.
- આ પ્રોજેક્ટ ભૂટાન અને દક્ષિણ એશિયા માટે 'ટર્નિંગ પોઈન્ટ' અને 'પરિવર્તન' તરીકે કામ કરશે.
- ભારત સરકાર ગેલેફૂ સુધી પ્રથમ ભારત–ભૂટાન લાઈન બાંધવા સંમત થઈ છે.
- આ રેલવે લાઈન આસામ અને પશ્ચિમ બંગાળના રોડ રૂટ અને બોર્ડર ટ્રેડિંગ પોઈન્ટ સાથે પણ જોડાશે.
- જે આખરે ભૂટાનને મ્યાનમાર, થાઈલેન્ડ, કંબોડિયા અને સિંગાપોર સુધી જોડશે.

1. કયા દિવસના રોજ 'વીર બાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 23 ડિસેમ્બર (B) 24 ડિસેમ્બર (C) 25 ડિસેમ્બર (D) 26 ડિસેમ્બર **(D)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ચિલ્લાઈ કલાન' (Chillai Kalan) શું છે ?

(A) ચીન દ્વારા કાર્યરત ચોથી પેઢીનો પરમાણુ પાવર પ્લાન્ટ

(B) અમેરિકાના દરિયાકિનારે ત્રાટકેલુ ચક્રવાત

(C) કાશ્મીરમાં 40 દિવસનો કઠોર શિયાળો

(D) અરૂણાચલ પ્રદેશનો એક સાંસ્કૃતિક ઉત્સવ **(C)**

3. તાજેતરમાં 'ભારત કૌશલ્ય રિપોર્ટ' 2024 (India Skils Report, 2024) પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ વ્હીબોક્સે AICTE, કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી અને એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ સહિત વિવિધ એજન્સીના સહયોગથી બહાર પાડવામાં આવ્યો છે.
2. આ રિપોર્ટમાં ભારતના સ્કિલ લેન્ડસ્કેપ અને વર્કફોર્સ પર AIની અસર પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.
3. આ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર 18 થી 21 વયજૂથમાં સૌથી વધુ રોજગારી યોગ્ય પ્રતિભાઓ તેલંગાણામાં છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં ભારતના કઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ 2 (T2)ને બે પ્રતિષ્ઠિત 'યુનેસ્કો પ્રિક્સ વર્સેલ્સ 2023' પુરસ્કાર પ્રાપ્ત થયા છે ?

(A) જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ (B) વિશાખાપટ્ટનમ્ ઈન્ટરનેશનલ એરપોર્ટ

(C) કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ (D) કલિકટ ઈન્ટરનેશનલ એરપોર્ટ **(C)**

5. તાજેતરમાં ભારતના કયા પાડોશી દેશે ગેલેફૂ પ્રોજેક્ટ તરીકે ઓળખાતા 'આંતરરાષ્ટ્રીય શહેર' બનાવવાની યોજના જાહેર કરી છે ?

(A) નેપાળ (B) ભૂટાન (C) બાંગ્લાદેશ (D) મ્યાનમાર **(B)**

## દિવસ મહિમા : 27 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ અથવા આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ

27 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ' (International Day of Epidemic Preparedness)ની ઉજવણી કરવામાં આવે છે.

- મહામારીની રોકથામ, તેની તૈયારી અને ભાગીદારીના મહત્ત્વની હિમાયત કરવા માટે 27 ડિસેમ્બર, 2020ના રોજ પ્રથમવાર 'આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા' દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- તે ભવિષ્યમાં Covid-19 જેવી પરિસ્થિતિઓને રોકવામાં મદદ કરશે.
- Covid-19ની માનવ જીવન પર વિનાશક અસર પડી છે. સંવેદનશીલ લોકોના રક્ષણ માટે મજબૂત આરોગ્ય પ્રણાલીઓ બનાવવાની જરૂર છે.
- મહામારીમાં મોટે ભાગે ચેપી રોગોનો સમાવેશ થાય છે, તેમાં કેન્સર, હૃદયરોગ અને અન્ય બિનચેપી રોગોનો સમાવેશ થતો નથી.
- મહામારી એ ટૂંકા ગાળામાં મોટી સંખ્યામાં લોકોમાં ઝડપથી ફેલાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2023

તાજેતરમાં સાહિત્ય અકાદમી દ્વારા 'સાહિત્ય અકાદમી પુરસ્કાર-2023'ની યાદી જાહેર કરવામાં આવી હતી.

- સાહિત્ય અકાદમીએ 24 ભાષાઓમાં વાર્ષિક સાહિત્ય અકાદમી પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી.
- 24 ભારતીય ભાષાઓમાં પ્રતિષ્ઠિત જ્યુરી સભ્યો દ્વારા ભલામણ કરાયેલ પુરસ્કારોને સાહિત્ય અકાદમીના એક્ઝિક્યુટિવ બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા.
- જે 20 ડિસેમ્બર, 2023ના રોજ સાહિત્ય અકાદમીના પ્રમુખ શ્રી માધવ કૌશિકની અધ્યક્ષતામાં મળેલી હતી.

### સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2023

'સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2023' 24 ભાષાઓ માટે આપવામાં આવ્યો હતો.

- જેમાં કવિતાના 9 પુસ્તકો, નવલકથાના 6, ટૂંકી વાર્તાઓના 5, 3 નિબંધો અને 1 સાહિત્યિક અભ્યાસનો સમાવેશ થાય છે.
- સુશ્રી નીલમ સરન ગૌરને અંગ્રેજીમાં તેમની નવલકથા 'Requiem in Raga Janki' માટે આ એવોર્ડ મળ્યો હતો.



- જ્યારે શ્રી વિનોદ જોશીને તેના પ્રબંધકાવ્ય 'સૈરન્ધ્રી' માટે ગુજરાતી ભાષાનો સાહિત્ય અકાદમી એવોર્ડ મળ્યો છે.
- શ્રી સંજીવની હિન્દીમાં તેમની નવલકથા 'મુઝે પહચાનો' માટે આ એવોર્ડ મળ્યો છે.

## સાહિત્ય અકાદમી એવોર્ડ 2023

| ભાષા | વિજેતા/લેખક | કૃતિ/શિર્ષક |
|---|---|---|
| આસામી | પ્રણવજ્યોતિ ડેકા | ડો.પ્રણવ જ્યોતિ ડેકાર શ્રેષ્ઠા ગાલ્પા (ટૂંકી વાર્તાઓ) |
| બંગાળી | સ્વપ્નમય ચક્રવતિ | જાલેર ઉપર પાણી (નવલકથા) |
| બોડો | નંદેશ્વર ડેમરી | Jiu-Safarni Dakhwn(ટૂંકી વાર્તાઓ) |
| ડોગરી | વિજય વર્મા | દૌન સદિયાં એક સીર (કવિતા–ગઝલ) |
| અંગ્રેજી | નીલમ સરન ગૌર | Requiem in Raga Janki (નવલકથા) |
| ગુજરાતી | વિનોદ જોશી | સૈરન્ધ્રી (પ્રબંન્ધકાવ્ય) |
| હિન્દી | સંજિવ | મુઝે પહચાનો (નવલકથા) |
| કન્નડ | લક્ષ્મિશા તોલપાડી | Mahabharatha Anusandhanada Bharathayatre (નિબંધ) |
| કાશ્મીરી | મન્સુર બનિહાલી | યેથ વે હે હેલે સંગ કૌસ જેલે (કવિતા) |
| કોંકણી | પ્રકાશ એસ પર્યાંકર | વર્સલ (ટૂંકી વાર્તાઓ) |
| મૈથિલી | બાસુકીનાથ ઝા | બોધા સંકેતન (નિબંધ) |
| મલયાલમ | ઈ.વી.રામાકૃષ્ણન | મલયાલા નવલકથા દેશકલંગલ (સાહિત્ય અભ્યાસ) |
| મણિપુરી | સોરોખાઈબામ ગંભીની | Yachangba Nang Hallo (કવિતા) |
| મરાઠી | કૃષ્ણાત ખોટ | રિંગન (નવલકથા) |
| નેપાળી | જુધાબીર રાણા | નેપાળી લોકસાહિત્ય રા લોકસંસ્કૃતિઓ પરિચય (નિબંધ) |
| ઓડિયા | આશુતોષ પરિડા | અપ્રસ્તુત મૃત્યુ/અણધાર્યુ મૃત્યુ (કવિતા) |
| પંજાબી | સ્વર્ણજીત સવી | મન દી ચિપ (કવિતા) |
| રાજસ્થાની | ગજેસિંહ રાજપુરોહિત | પાલકતી પ્રીત (કવિતા) |
| સંસ્કૃત | અરૂણ રંજન મિશ્રા | શૂન્યયે મેઘનમ (કવિતા) |
| સંથાલી | તારાસીન બાસ્કી | જબા બહા (ટૂંકી વાર્તા) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| સિંધી | વિનોદ આસુદાની | હાથુ પાકીદીજૈન (કવિતા–ગઝલ) |
| તમિલ | રાજશેકરન(દેવીભારતી) | નીરવાઝી પદુવુમ (નવલકથા) |
| તેલુગુ | ટી પતંજલી શાસ્ત્રી | રામેશ્વરમ કાફુલુ મેરીકોન્ની કથલુ (ટૂંકીવાર્તા) |
| ઉર્દુ | સાદીકા નવાબ સાહેર | રાજદેવ કી અમરાઈ (નવલકથા) |

## શ્રી વિનોદ જોશી

શ્રી વિનોદ જોશીનો જન્મ 13 ઓગસ્ટ, 1955ના રોજ અમરેલી જિલ્લાના ભોરીંગડા ગામમાં થયો હતો.

- શ્રી વિનોદ જોશી ગુજરાતી સાહિત્યના અનુઆધુનિક સમયગાળાના એક અગ્રિમ અને બહુપ્રશંસિત કવિ છે.
- તેમણે 1977માં ઉપલેટા નજીકના શહેર ભાયાવદરમાં એચ.એલ.પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ગુજરાતી સાહિત્યના પ્રોફેસર તરીકે તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, ભાવનગર ખાતે ગુજરાતી અનુસ્નાતક વિભાગમાં પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે તેમણે કામ કર્યુ હતું. અને ડીન તેમજ કુલપતી પદે આ યુનિવર્સિટીનું નેતૃત્વ પણ કર્યુ હતું.
- તેમણે 2008 થી 2012 દરમિયાન કેન્દ્રીય સાહિત્ય અકાદમીમાં ગુજરાતી અને પશ્ચિમભારતીય ભાષાઓના કન્વીનર તરીકે સેવા આપી હતી. તથા 2018 થી 2022ના સમયગાળા માટે ફરી એ જ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તેમણે ઘણા બધા પુસ્તકો લખ્યા છે પરંતુ તેમનું મુખ્ય કામ કવિતા ક્ષેત્રે રહ્યું છે.
- કવિલોક ટ્રસ્ટ દ્વારા શ્રી વિનોદ જોશીનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'પરંતુ' 1984માં પ્રકાશિત થયો હતો.
- 'પરંતુ' કાવ્ય સંગ્રહ (ગીત કવિતા) (1984), શિખંડી (1985), તુણ્ડિલ–તુણ્ડિકા (1987), 'ઝાલર વાગે જુથડી' (1991) વગેરે જેવા તેમના નોંધપાત્ર કાર્ય છે.
- કવિ વિનોદ જોશીને મળેલા પુરસ્કારો નીચે મુજબ છે :
  (1) સાહિત્ય ગૌરવ પુરસ્કાર (2015)
  (2) નરસિંહ મહેતા પુરસ્કાર (2018)
  (3) કલાપી પુરસ્કાર (2018)
  (4) નર્મદ સુવર્ણ ચંદ્રક (2022)
  (5) સાહિત્ય અકાદમી પુરસ્કાર (2023)



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સૈરન્ધ્રી

'સૈરન્ધ્રી' વિનોદ જોશીનું 2018માં પ્રગટ થયેલું સાત સર્ગ અને ઓગણપચાસ ખંડમાં લખાયેલું ચોપાઈ અને દોહરામાં નિબદ્ધ પ્રબંધકાવ્ય છે.

- મહાભારતના વિરાટપર્વમાં આવતા કથાનકનો આધાર લઈ કવિએ તેમાં આજ્ઞાતવાસ દરમિયાન સૈરન્ધ્રી બનતી દ્રૌપદીના સૂક્ષ્મ મનોસંચલનો અને તે નિમિત્તે મનુષ્યજીવનની સદા અજ્ઞાત રહેવું પડતું હોવાની અપરિહાર્ય અને ઘોર વિભીષિકાનું ઘેરું આલેખન કર્યું છે.

## સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2023

'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર, 2023'ની જૂન 2023માં જાહેરાત કરવામાં આવી હતી.

- જ્યારે મૈથીલી ડિસેમ્બર અને મણિપુરી તથા સંસ્કૃતની સપ્ટેમ્બરમાં જાહેરાત કરવામાં આવી હતી.
- હિન્દી ભાષા માટે યુવા પુરસ્કાર અતુલકુમાર રાયની નવલકથા 'ચાંદપુર કી ચંદા' માટે એનાયત થયો હતો.
- જ્યારે ગુજરાતી ભાષા માટેનો યુવા પુરસ્કાર 'ગેટ ટુગેધર' (ટૂંકીવાર્તા) માટે સાગર શાહને એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2023

| ભાષા | વિજેતા/લેખક | કૃતિ/શિર્ષક |
|---|---|---|
| અંગ્રેજી | અનિરૂદ્ધ કાનિસેટ્ટી | Lords of the Decan : Southern india from the chalukyas to the cholas (Historical) |
| ગુજરાતી | સાગર શાહ | ગેટ ટુગેધર (ટૂંકી વાર્તા) |
| હિન્દી | અતુલકુમાર રાય | ચંદનપુર કી ચંદા (નવલકથા) |

### બાળ સાહિત્ય પુરસ્કાર 2023

| ભાષા | વિજેતા/લેખક | કૃતિ/શિર્ષક |
|---|---|---|
| ગુજરાતી | રક્ષાબેન પ્રહલાદરાવ દવે | હું મ્યાઉં, તું ચૂંચૂં |
| હિન્દી | સૂર્યનાથ સિંહ | કોટુક એપ |
| અંગ્રેજી | સુધા મૂર્તિ | ગ્રાન્ડપેરેન્ટ્સ બેગ ઓફ સ્ટોરીઝ |

## સાહિત્ય અકાદમી એવોર્ડ

રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા દર વર્ષે ભારતીય બંધારણ દ્વારા માન્ય 22 ભાષાઓ ઉપરાંત અંગ્રેજી અને રાજસ્થાની ભાષા સહિત કુલ 24 ભાષાઓના સાહિત્યમાંથી એક–એક કૃતિને આ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવે છે.

- ભારતમાં સાહિત્ય અકાદમી પુરસ્કારનો પ્રારંભ વર્ષ 1955થી થયો હતો.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને શાલ, તામ્રપત્ર અને રૂ. 1 લાખ રોકડા પુરસ્કાર રૂપે અર્પણ કરવામાં આવે છે.
- ઈ.સ. 1955માં સૌપ્રથમ શ્રી મહાદેવભાઈ દેસાઈને તેમની કૃતિ 'મહાદેવભાઈની ડાયરી' (ડાયરી સાહિત્ય) માટે ગુજરાતી ભાષા માટેનો આ એવોર્ડ એનાયત થયો હતો.

### સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા કેટલાક ગુજરાતી સર્જકો અને તેમની કૃતિઓ

| વર્ષ | સર્જક | કૃતિ |
|---|---|---|
| 1955 | શ્રી મહાદેવભાઈ દેસાઈ | મહાદેવભાઈની ડાયરી |
| 2017 | સુશ્રી ઊર્મિ દેસાઈ | ગુજરાતી વ્યાકરણના બસો વર્ષ |
| 2018 | સુશ્રી શરીફા વિજળીવાળા | વિભાજનની વ્યથા |
| 2019 | શ્રી રતિલાલ બોરીસાગર | મોજમાં રે'વું રે ! |
| 2020 | શ્રી હરીશ મિનાશ્રુ | બનારસ ડાયરી |
| 2021 | શ્રી યજ્ઞેશ દવે | ગંધમંજૂષા |
| 2022 | શ્રી ગુલામ મોહમ્મદ શેખ | ઘેર જતન |
| 2023 | શ્રી વિનોદ જોશી | સૈરન્ધ્રી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમી, દિલ્હી એ ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા છે.

- તેને 'નેશનલ એકેડેમી ઓફ લેટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓના પોષણ અને સમન્વય માટે ભારત સરકાર દ્વારા 12 માર્ચ, 1954ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા રવિન્દ્ર ભવન, નવી દિલ્હી ખાતે આવેલી છે.

- સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા તેમના મુખ્ય પુરસ્કાર 'સાહિત્ય અકાદમી એવોર્ડ' ઉપરાંત 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' અને 'સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર' પણ દર વર્ષે એનાયત થાય છે.

નોંધ : (1) સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા બાળ સાહિત્યમાં વિશેષ પ્રદાન બદલ ભારતની વિવિધ 24 ભાષાઓના સર્જકોને વર્ષ 2010થી બાળ સાહિત્ય પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત એક સ્મૃતિ ચિહ્ન અને રૂ. 50,000નો ચેક પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

(2) સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા ભારતના યુવા સાહિત્યકારોને પ્રોત્સાહન આપવા માટે 2011થી અકાદમી દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની 24 ભાષાઓના સર્જકોને દર વર્ષે 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' એનાયત થાય છે.

(3) સાહિત્ય અકાદમી દ્વારા 35 વર્ષ અથવા તો તેનાથી ઓછી ઉંમરના ભારતીય લેખકોને 'યુવા પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત એક સ્મૃતિ ચિહ્ન અને રૂ. 50,000નો ચેક પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

## MedTech Mitra : ભારતની હેલ્થકેર નવીનતાઓમાં ક્રાંતિ લાવવી

તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 'MedTech Mitra' લોન્ચ કર્યુ છે.




- જે મેડટેક ઈનોવેટર્સને સશક્ત બનાવવા અને હેલ્થકેર સોલ્યુશન્સને પ્રોત્સાહન આપવાના હેતુથી પરિવર્તનશીલ પ્લેટફોર્મ છે.
- મહત્ત્વાકાંક્ષી MedTech દેશની યુવા પ્રતિભાઓને તેમના સંશોધનને અંતિમ સ્વરૂપ આપવામાં અને નિયમનકારી મંજૂરીઓ મેળવવામાં મદદ કરશે.
- તેનો ઉદ્દેશ્ય નવીનતા અને સેવાને સુવ્યવસ્થિત કરવાનો છે, જેથી આયાતી તબીબી સાધનો પર દેશની નિર્ભરતા ઓછી કરી શકાય, જે હાલમાં 80% છે.
- મેડટેકનો અર્થ 'મેડિકલ ટેક્નોલોજી' છે, જેમાં આરોગ્ય સંભાળના ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતી તકનીકી નવીનતાઓ, ઉપકરણો અને ઉકેલોની વિશાળ શ્રેણીનો પણ સમાવેશ થાય છે.
- મેડટેકના ઉદાહરણોમાં MRI મશીન, પેસમેકર, ઈન્સ્યુલિન પંપ અને સર્જિકલ સાધનોનો સમાવેશ થાય છે.

1. ‘આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ’ અથવા ‘આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ’ કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 26 ડિસેમ્બર (B) 27 ડિસેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર **(B)**

2. વર્ષ 2023નો અંગ્રેજી ભાષા માટેનો ‘સાહિત્ય અકાદમી એવોર્ડ’ કોને એનાયત થયો છે ?

(A) અનુરાધા શર્મા (B) અનિતા ગુપ્તા (C) નીલમ સરન ગૌર (D) લક્ષમિશા તોલપાડી **(C)**

3. 'Requiem in Raga Janki' કોની નવલકથા છે ?

(A) નીલમ સરન ગૌર (B) કૃષ્ણાત ખોટ (C) મન્સુર બનિહાલી (D) અનુરાધા રોય **(A)**

4. વર્ષ 2023નો ગુજરાતી ભાષા માટેનો ‘સાહિત્ય અકાદમી એવોર્ડ’ કોને એનાયત થયો છે ?

(A) મનોજ સોની (B) મુકેશ જોશી (C) જયદીશ ત્રિવેદી (D) વિનોદ જોશી **(D)**

5. ગુજરાતી ભાષાનું ‘સૈરન્ધ્રી’ કોનું પ્રબંધકાવ્ય છે ?

(A) વિનોદ જોશી (B) મનોહર ત્રિવેદી (C) બાલમુકુન્દ દવે (D) ભરત ખેની **(A)**

6. વર્ષ 2023 માટે ગુજરાતી ભાષા માટેનો સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર કોને એનાયત થયો હતો ?

(A) કિરિટ ગોસ્વામી (B) સાગર શાહ (C) વિનેશ અંતાણી (D) હરીશ મંગલમ **(B)**

7. તાજેતરમાં સમાચારમાં રહેલ 'MedTech Mitra' પ્લેટફોર્મ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
2. તે મેડટેક ઈનોવેટર્સને સશક્ત બનાવવા અને હેલ્થકેર સોલ્યુશન્સને પ્રોત્સાહન આપવાના હેતુથી પરિવર્તનશીલ પ્લેટફોર્મ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વાલ્મીકિ ટાઈગર રિઝર્વમાં વાઘની સંખ્યામાં વધારો

તાજેતરમાં નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)એ સત્તાવાર રીતે વાલ્મીકિ ટાઈગર રિઝર્વ (VTR)માં વાઘની વસતીમાં વધારો થવાની જાહેરાત કરી હતી.

- તેમાં મોટી બિલાડીઓની સંખ્યામાં 31 (વર્ષ 2018) થી 54 (વર્ષ 2023)નો વધારો જોવા મળ્યો છે.
- નોંધનીય છે કે બિહાર સરકાર વાલ્મીકિ ટાઈગર રિઝર્વ પછી રાજ્યના બીજા વાઘ અભયારણ્ય તરીકે કૈમુર વન્યજીવ અભયારણ્ય જાહેર કરવા માટે NTCAની મંજૂરીની રાહ જોઈ રહી છે.
- સ્થાનિક રહેવાસીઓમાં જાગરૂકતા વધારીને અને માનવ–વન્યપ્રાણી સંઘર્ષને ઘટાડવા માટે આ વિસ્તારમાં અને તેની આસપાસની ખાણકામ પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખીને આ અનામત વાઘના સંચાલન અને જાળવણી માટે સમર્પિત છે.
- NTCAએ આ ટાઈગર રિઝર્વને 'Very Good' શ્રેણીમાં રાખ્યું છે.

### વાલ્મીકિ ટાઈગર રિઝર્વ

વાલ્મીકિ ટાઈગર રિઝર્વ (VTR) એ બિહારમાં એકમાત્ર ટાઈગર રિઝર્વ છે.



- જે ભારતમાં હિમાલયની તળેટીના જંગલોની પૂર્વીય સીમા બનાવે છે.
- વાલ્મીકિ ટાઈગર રિઝર્વ બિહારના ચંપારણ જિલ્લામાં સ્થિત છે. જે ઉત્તરમાં નેપાળ અને પશ્ચિમમાં ઉત્તરપ્રદેશ સાથે સરહદો વહેંચે છે.
- ગંગાના મેદાનોના જૈવભૌગોલિક પ્રદેશોમાં સ્થિત આ વાઘ અનામતની વનસ્પતિ ભાબર અને તેરાઈ પ્રદેશોનું મિશ્રણ છે.
- ઈન્ડિયન ફોરેસ્ટ સર્વે રિપોર્ટ 2021 અનુસાર તેના કુલ વિસ્તારનો 85.71% હિસ્સો વનાચ્છાદિત છે.
- આ ટાઈગર રિઝર્વના જંગલોમાં જોવા મળતા જંગલી સસ્તન પ્રાણીઓમાં વાઘ, સુસ્તી રીંછ, ચિત્તો, જંગલી કુતરો, બાઈસન, જંગલી સુવર વગેરેનો સમાવેશ થાય છે.
- ગંડક, પંડાઈ, મનોર, હરહા, મસાન અને ભપસા નદીઓ આ અભયારણ્યના જુદા જુદા ભાગોમાંથી વહે છે.

### NTCA

નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) એ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળની એક વૈધાનિક સંસ્થા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેની સ્થાપના વર્ષ 2005માં ટાઈગર ટાસ્ક ફોર્સની ભલામણોથી કરવામાં આવી હતી.
- વાઘ સંરક્ષણને મજબૂત કરવા માટે સંશોધિત વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972ની સક્ષમ જોગવાઈ હેઠળ વર્ષ 2006માં તેની રચના કરવામાં આવી હતી.
- NTCAના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :
  (a) પ્રોજેક્ટ ટાઈગરને વૈધાનિક સત્તા પ્રદાન કરવી જેથી સૂચનાઓનું કાયદેસર રીતે પાલન થાય.
  (b) સંઘીય માળખામાં રાજ્યો સાથે MoU માટે આધાર પૂરો પાડીને વાઘ અનામતના સંચાલનમાં કેન્દ્ર–રાજ્યની જવાબદારીને પ્રોત્સાહન આપવું.
  (c) સંસદ દ્વારા દેખરેખ સુનિશ્ચિત કરવી.
  (d) ટાઈગર રિઝર્વની આસપાસના વિસ્તારોમાં સ્થાનિક લોકોના આજીવિકાના હિતોને સંબોધવું.

## સિમલીપાલ ટાઇગર રિઝર્વમાં બ્લેક ટાઇગર

તાજેતરમાં ભારત સરકારે રાજ્યસભાને માહિતી આપી હતી કે ભારતમાં 10 બ્લેક ટાઈગર (મેલેનિસ્ટિક ટાઈગર) છે.



- જે તમામ ઓડિશાના સિમલીપાલ ટાઈગર રિઝર્વમાં ખાસ જોવા મળે છે.
- બ્લેક ટાઈગર એ બંગાળના વાઘની એક રંગ-રૂપની ભિન્નતા છે, તે કોઈ અલગ પ્રજાતિ કે ભૌગોલિક પેટાજાતિ નથી.
- તેના શરીર પરના કોટ અથવા પટ્ટાઓનો રંગ અને પેટર્ન ઘાટો છે, જે જંગલી બિલાડીઓની જેમ છે.
- જે ટ્રાન્સમેમ્બ્રેન એમિનોપેપ્ટિડેઝ ક્યૂ (Taqpep) જનીનમાં પરિવર્તનના કારણે થાય છે.
- આવા વાઘમાં અસામાન્ય રીતે ઘેરા અથવા કાળા કોટને સ્યુડો–મેલેનિસ્ટિક અથવા કૃત્રિમ રંગ પણ કહેવામાં આવે છે.
- સિમિલીપાલ ટાઈગર રિઝર્વની સત્તાવાર રીતે વર્ષ 1956માં ટાઈગર રિઝર્વ માટે પસંદગી કરવામાં આવી હતી, જે વર્ષ 1973માં પ્રોજેક્ટ ટાઈગર હેઠળ લાવવામાં આવી હતી.
- ભારત સરકારે જૂન 1994માં તેને બાયોસ્ફિયર રિઝર્વ જાહેર કર્યુ હતું.
- આ બાયોસ્ફિયર રિઝર્વ યુનેસ્કોના વર્લ્ડ નેટવર્ક ઓફ બાયોસ્ફિયર રિઝર્વનો એક ભાગ છે.
- સિમલીપાલ વન્યજીવોથી સમૃદ્ધ છે, જે વાઘ, હાથી વિવિધ પક્ષીઓ અને ઉભયજીવી પ્રજાતિઓનું ઘર છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## INS ઈમ્ફાલને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું

કેન્દ્રીય સરંક્ષણમંત્રી શ્રી રાજનાથ સિંહની ઉપસ્થિતિમાં 'INS ઈમ્ફાલ'ને ભારતીય નૌકાદળમાં કાર્યરત કરવામાં આવ્યું હતું.

- સરંક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું કે INS ઈમ્ફાલ સંરક્ષણ ક્ષેત્રમાં 'ભારતની આત્મનિર્ભરતા' દર્શાવે છે.

### INS ઈમ્ફાલ

INS ઈમ્ફાલ ભારતીય નૌકાદળના વિશાખાપટ્ટનમ–ક્લાસ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સનું ત્રીજું જહાજ છે.

- આ જહાજનું નામ ભારતના ઉત્તરપૂર્વીય શહેર ઈમ્ફાલના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- તેને 'Mazagon Dock Shipbuilders Limited (MDSL)' દ્વારા બનાવવામાં આવ્યું છે.
- આ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર 163 મીટર લાંબુ અને 17 મીટર પહોળું છે.
- જેમાં 7400 ટનનું વિસ્થાપન તથા તેની 30 નોટિકલ માઈલ (લગભગ 55 થી 56 કિમી પ્રતિકલાક)ની ઝડપ છે.
- જહાજની 75 ટકાથી વધુ સામગ્રી ભારતમાં ઉત્પાદિત અને વિકસિત કરવામાં આવી હતી, કાં તો સીધી રીતે અથવા ભારતીય મૂળના સાધનો ઉત્પાદકો (OEMs) દ્વારા અથવા વ્યૂહાત્મક જોડાણ દ્વારા વિકસાવવામાં આવી હતી.
- આ જહાજ ઘણા સ્વદેશી શસ્ત્રોથી સજ્જ છે, જેમ કે મધ્યમ–રેન્જની સપાટીથી હવામાં પ્રહાર કરનાર મિસાઈલો વગેરે આધુનિક શસ્ત્રોથી સજ્જ છે.
- તે સ્વદેશી ટોરપિડો ટ્યૂબ લૉન્ચર (લાર્સન એન્ડ ટુબ્રો, મુંબઈ), એન્ટી સબમરીન રોકેટ લૉન્ચર (લાર્સન એન્ડ ટુબ્રો, મુંબઈ) અને સુપર રેપિડ ગન માઉન્ડ જેવી ઘણી સ્વદેશી શસ્ત્ર પ્રણાલીઓ છે.
- આ ઉપરાંત આ વર્ગમાં ટોટલ એટમોસ્ફેરિક કંટ્રોલ સિસ્ટમ (TACS) પણ છે, જે ક્રૂને રાસાયણિક, જૈવિક અને પરમાણુ જોખમોથી રક્ષણ આપે છે.
- તે બ્રહ્મોસ મિસાઈલ પણ લોન્ચ કરવા સક્ષમ છે.
- આ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર બે મલ્ટી–રોલ હેલિકોપ્ટર ચલાવવા માટે સક્ષમ છે, જે વિવિધ અત્યાધુનિક શસ્ત્રો અને મલ્ટી–ફંક્શનલ સર્વેલન્સ રડાર જેવા સેન્સરથી સજ્જ છે.

નોંધ : (1) વિશાખાપટ્ટનમ વર્ગને પ્રોજેક્ટ-15B તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) પ્રોજેક્ટ-15B ભારત સરકારનો એક કાર્યક્રમ છે જે અંતર્ગત ભારતીય નૌકાદળ માટે નેક્સ્ટ જનરેશનના સ્ટીલ્થ ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર્સ મંઝગાવ ડોક્સ લિમિટેડ (MDL), મુંબઈ ખાતે બનાવવામાં આવી રહ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રોજેક્ટ 15B / વિશાખાપટ્ટનમ વર્ગના જહાજો

| ક્રમ | જહાજ | પેનન્ટ | યાર્ડ નંબર | ક્યારે લોન્ચ થયું ? | ક્યારે નૌકાદળમાં કાર્યરત થયું ? |
|---|---|---|---|---|---|
| 1. | INS વિશાખાપટ્ટનમ | D66 | 12704 | 20 એપ્રિલ, 2015 | 21 નવેમ્બર, 2021 |
| 2. | INS મોર્મુગાઓ | D67 | 12705 | 17 સપ્ટેમ્બર, 2016 | 24 ડિસેમ્બર, 2022 |
| 3. | INS ઈમ્ફાલ | D68 | 12706 | 20 એપ્રિલ, 2019 | 26 ડિસેમ્બર, 2023 |
| 4. | INS સુરત | D69 | 12707 | 17 મે, 2022 | – |



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**1.** તાજેતરમાં 'નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી' (NTCA)એ માહિતી આપી હતી કે 'વાલ્મીકિ ટાઈગર રિઝર્વ'માં વાઘની વસતીમાં વધારો થયો છે. આ ટાઈગર રિઝર્વ કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) બિહાર (B) પ.બંગાળ (C) મધ્યપ્રદેશ (D) મહારાષ્ટ્ર — **(A)**

**2.** નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળની સવાયત્ત સંસ્થા છે.
2. તેની સ્થાપના વર્ષ 2005માં ટાઈગર ટાસ્ક ફોર્સની ભલામણોથી કરવામાં આવી હતી.
3. તેનું વડું મથક પુણે ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 — **(C)**

**3.** તાજેતરમાં સિમલીપાલ ટાઈગર રિઝર્વમાં બ્લેક ટાઈગર જોવા મળ્યા હતા. આ ટાઈગર રિઝર્વ કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મધ્યપ્રદેશ (B) ઉત્તરાખંડ (C) ઓડિશા (D) મહારાષ્ટ્ર — **(C)**

**4.** તાજેતરમાં INS ઈમ્ફાલને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભારતીય નૌકાદળના વિશાખાપટ્ટનમ–ક્લાસ સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર્સનું ત્રીજુ જહાજ છે.
2. આ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર 163 મીટર લાંબુ અને 17 મીટર પહોળું છે.
3. તેમાં 7400 ટનનું વિસ્થાપન તથા તેની 30 નોટિકલ માઈલની ઝડપ છે.
4. આ જહાજ જાપાનની JANML કંપની દ્વારા બનાવવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રવીન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર




તાજેતરમાં છઠ્ઠો રવીન્દ્રનાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર સુશ્રી સુકિતા પૌલ કુમારને એનાયત કરવામાં આવ્યો છે.

- સુશ્રી સુકિતા પૌલ કુમારને તેમના પુસ્તક 'Salt & Pepper : Selected Poems' માટે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- આ પ્રતિષ્ઠિત પુરસ્કાર વિશ્વ શાંતિ, સાહિત્ય, કલા, શિક્ષણ અને માનવ અધિકારોને પ્રોત્સાહન આપતા વિશ્વભરના ઉત્કૃષ્ટ સાહિત્યિક કાર્યને માન્યતા આપે છે.
- આ અંતર્ગત પુરસ્કાર પ્રાપ્તકર્તાને 5000 ડોલરનો રોકડ પુરસ્કાર, શ્રી રવીન્દ્રનાથ ટાગોરની પ્રતિમા અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- યુએસ સ્થિત પ્રકાશક પીટર બુંડાલો દ્વારા 2018માં સ્થપાયેલ આ એવોર્ડ વિશ્વ શાંતિ, સાહિત્ય, કલા, શિક્ષણ અને માનવ અધિકારો માટેનું પ્લેટફોર્મ છે.
- તે સામાજિક સિદ્ધિ પુરસ્કાર સાથે માનવ અધિકાર અને વિશ્વ શાંતિ તરફના કાર્યોને પણ માન્યતા આપે છે.

## પ્રથમ સાયબર સુરક્ષા કેન્દ્રનું ઉદ્‌ઘાટન



તાજેતરમાં ચંદીગઢમાં દેશના પ્રથમ સાયબર સુરક્ષા કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

- આ સાયબર સુરક્ષા કેન્દ્રનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહએ કર્યુ હતું.
- આ સાયબર સુરક્ષા કેન્દ્રને 'CenCops' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ સાયબર સુરક્ષા કેન્દ્ર દેશના તમામ રાજ્યો સાથે જોડાયેલ હશે.
- અહીં તમામ રાજ્યોને લગતા મુખ્ય ફોરેન્સિક તપાસના કેસોને ઉકેલવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે.
- આ કેન્દ્ર શરૂઆતથી 3 વર્ષ સુધી DRDO હેઠળ રહેશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ડેટા હેકિંગ, ફિશિંગ મેઈલ, OTP છેતરપિંડી અને મોબાઈલ છેતરપિંડી, Sextortion વગેરે સાયબર ગુનાઓ છે.
- CenCops દ્વારા ડેટાને સુરક્ષિત રાખવામાં આવશે. આ માટે કેન્દ્ર ઘણા વિભાગો સાથે મળીને કામ કરશે.
- આજના આ ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષા એક મોટી સમસ્યા બનતી જાય છે. આથી સાયબર સુરક્ષાને લઈને સરકાર દ્વારા આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

## યુરોપિયન કમિશનના ભૂતપૂર્વ પ્રમુખ જેક ડોલર્સનું નિધન

યુરોપિયન કમિશનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી જેક ડોલર્સનું તાજેતરમાં 98 વર્ષની વયે નિધન થયું છે.



- શ્રી જેક ડોલર્સ એક ફ્રેન્ચ રાજકીય નેતા હતા.
- તેમનો જન્મ 20 જુલાઈ, 1925ના રોજ ફ્રાન્સના પેરિસમાં થયો હતો.
- તેમણે 1985 થી 1995 દરમિયાન યુરોપિયન કમિશનના આઠમા પ્રમુખ તરીકે સેવા આપી હતી.
- તેમણે આ સમય દરમિયાન એવી નીતિઓ અમલમાં મૂકી હતી, જેણે સભ્યો રાષ્ટ્રને એક સાથે નજીકથી જોડ્યા અને એકતાની જરૂરિયાતને પ્રોત્સાહન આપ્યું હતું.
- યુરોપિયન કમિશન એ યુરોપિયન કાઉન્સિલ સાથે મળીને યુરોપિયન યુનિયનના એક્ઝિક્યુટિવનો એક ભાગ છે.





1. તાજેતરમાં છઠ્ઠો રવીન્દ્રનાથ ટાગોર પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી વિનોદ જોશી (B) સુશ્રી સુકિતા પોલ કુમાર

(C) શ્રી મોહમ્મદ સલીમ (D) સુશ્રી સુધા મુર્તિ **(B)**

2. તાજેતરમાં કયા સ્થળે દેશના પ્રથમ સાયબર સુરક્ષા કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) ચંદીગઢ (B) બેંગ્લોર (C) ગુરુગ્રામ (D) ચેન્નાઈ **(A)**

3. તાજેતરમાં શ્રી જેક ડોલર્સનું નિધન થયું છે. તેઓ કોણ હતું ?

(A) અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ (B) સોવિયેત યુનિયનના ભૂતપૂર્વ વડા

(C) બ્રિટનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી (D) યુરોપિયન કમિશનના ભૂતપૂર્વ પ્રમુખ **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




## પેન્ટોઈયા ટાગોરી (Pantoea Tagori)



વિશ્વ–ભારતી યુનિવર્સિટીના સંશોધકોએ બેક્ટેરિયાની એક નવી પ્રજાતિ શોધી કાઢી છે, જે કૃષિ પદ્ધતિઓ બદલી શકે છે.

- તેમણે પ્રસિદ્ધ નોબેલ પુરસ્કાર વિજેતા શ્રી રવિન્દ્રનાથ ટાગોરના નામ પરથી તેનું નામ 'પેન્ટોઈયા ટાગોરી' રાખ્યું છે.
- પેન્ટોઈયા ટાગોરી (અથવા પેન્ટોઈઆ ટાગોરી) બેક્ટેરિયલ જીનસ પેન્ટોઈયા સાથે સંબંધ ધરાવે છે, જે એન્ટરબેક્ટરિયાસી પરિવારનો એક ભાગ છે.
- તેને છોડની વૃદ્ધિનો પ્રોત્સાહન આપતા બેક્ટેરિયા તરીકે પણ વર્ણવવામાં આવ્યું છે.
- પેન્ટોઈયા ટાગોરીએ ડાંગર, વટાણા અને મરચા જેવા પાકોની ખેતીને પ્રોત્સાહન આપવા માટે નોંધપાત્ર ક્ષમતાઓ દર્શાવી છે.
- બેક્ટેરિયા અસરકારક રીતે જમીનમાંથી પોટેશિયમ કાઢે છે, જે છોડના વિકાસને પ્રોત્સાહન આપે છે.
- વધુમાં તે પોટેશિયમ અને ફોસ્ફરસ બંનેને દ્રાવ્ય કરે છે, નાઈટ્રોજન ફિક્સેશનની સુવિધા આપે છે અને છોડ માટે એકંદર પોષક તત્ત્વોની ઉપલબ્ધતામાં વધારો કરે છે.
- છોડની વૃદ્ધિ પરની સકારાત્મક અસરો પાકની ઉપજમાં સંભવિત વધારો સૂચવે છે. તે ખાદ્ય સુરક્ષા સંબંધિત મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને ઉકેલવામાં મદદ કરી શકે છે.
- પેન્ટોઈયા ટાગોરી જમીનમાં પોષક તત્ત્વોની ઉપલબ્ધતામાં વધારો કરે છે, જે વ્યાપારી ખાતરોની જરૂરિયાતને ઘટાડે છે.
- બેક્ટેરિયા ખાતરો પર નિર્ભરતા ઘટાડીને ટકાઉ ખેતી માટે ખર્ચ–અસરકારક અભિગમ પ્રદાન કરે છે અને સંભવિત જૈવ–ખાતર બની શકે છે.

## પોંગ ડેમ વન્યજીવ અભયારણ્ય

તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલયે હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લામાં પોંગ ડેમ વન્યજીવ અભયારણ્યની સીમાઓથી એક કિલોમીટરના વિસ્તારને ઈકો–સેન્સિટિવ ઝોન તરીકે જાહેર કરતું ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



- પોંગ ડેમ વન્યજીવ અભયારણ્ય પોંગ ડેમ તળાવની આસપાસ સ્થિત છે, જે બિયાસ નદી પર પોંગ ડેમના નિર્માણને કારણે માનવસર્જિત જળાશય છે.
- પોંગ ડેમ તળાવને મહારાણા પ્રતાપ સાગર તરીકે પણ ઓળખવામાં આવે છે.
- પોંગ ડેમ એ ભારતનો સૌથી ઊંચો અર્થ–ફિલ ડેમ છે અને તેનું નિર્માણ વર્ષ 1975માં કરવામાં આવ્યું હતું.
- વર્ષ 1983માં હિમાચલ પ્રદેશ સરકાર દ્વારા સમગ્ર જળાશયને વન્યજીવ અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું હતું.
- 1994માં ભારત સરકારે તેને 'રાષ્ટ્રીય મહત્ત્વની વેટલેન્ડ' જાહેર કરી હતી. પોંગડેમ તળાવને વર્ષ 2002માં રામસર સ્થળ જાહેર કરવામાં આવ્યું હતું.

## ગ્વાલિયરે તાનસેન ફેસ્ટિવલમાં 'લાર્જેસ્ટ તબલા એન્સેમ્બલ' માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધ્યો

સંગીતના શહેર તરીકે ઓળખાતા ગ્વાલિયરે ગ્વાલિયર કિલ્લાના ઐતિહાસિક કર્ણ મહેલમાં 1500 કલાકારો સાથે 'લાર્જેસ્ટ તબલા એન્સેમ્બલ' માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ હાંસલ કર્યો છે.

- આ ઈવેન્ટ શહેરના સમૃદ્ધ સંગીત વારસામાં એક મહત્ત્વપૂર્ણ ક્ષણ તરીકે ચિહ્નિત થયેલ છે.
- તાનસેન સમારોહ સંગીત ઉત્સવના ભાગરૂપે 'તબલા દરબાર' તરીકે ઓળખાતી આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.



- મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી મોહન યાદવ, કેન્દ્રીય મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા સહિત અનેક મહેમાનો આ ઈવેન્ટમાં ઉપસ્થિત રહ્યા હતા.
- નોંધનીય છે કે મધ્યપ્રદેશના ગ્વાલિયરને યુનેસ્કોએ સત્તાવાર રીતે 'સંગીતનું સર્જનાત્મક શહેર' તરીકે નિયુક્ત કર્યુ હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ITTF ગવર્નિંગ બોર્ડમાં પ્રથમ ભારતીય તરીકે સુશ્રી વિટા દાનીએ ઈતિહાસ રચ્યો



ઈન્ટરનેશનલ ટેબલ ટેનિસ ફેડરેશનના ફાઉન્ડેશનના ગવર્નિંગ બોર્ડમાં નિમણૂક પામેલ પ્રથમ ભારતીય તરીકે સુશ્રી વિટા દાનીએ ઈતિહાસ રચ્યો છે.

- ITTF અને ITTF ફાઉન્ડેશનના પ્રમુખ પેટ્રા સોર્લિંગે ITTF પરિવારમાં સુશ્રી વિટા દાનીનું સ્વાગત કર્યુ હતું.
- રમતના વિકાસ માટે તેમના જુસ્સા અને વિકાસ માટે ઉત્પ્રેરક તરીકેની તેની સંભવિતતાને સ્વીકારી હતી.
- સુશ્રી વિટા દાની તેમની સંસ્થા દાની ફાઉન્ડેશન દ્વારા ભારતમાં ટેબલ ટેનિસના માર્ગને આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

Weekly Current Affairs ICE MAGIC / WEEK - 52

## SATURDAY Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**1.** તાજેતરમાં વિશ્વભરતી યુનિવર્સિટીના વનસ્પતિશાસ્ત્ર વિભાગના સંશોધકો દ્વારા નવા શોધાયેલા બેક્ટેરિયાની પ્રજાતિનું નામ શું છે ?

(A) પેન્ટોઈયા ટાગોરી (B) બેસિલસ એગ્રીક્સ

(C) માઈક્રોક્સ આઈન્સ્ટાઈન (D) સ્ટ્રેપ્ટોમીસીસ ડાર્વિનેનસિસ **(A)**

**2.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'પોંગ ડેમ વન્યજીવ અભયારણ્ય' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) સિક્કિમ (B) આસામ

(C) અરૂણાચલ પ્રદેશ (D) હિમાચલ પ્રદેશ **(D)**

**3.** તાજેતરમાં 1500 તબલા કલાકારો સાથે 'લાર્જેસ્ટ તબલા એન્સેમ્બલ' માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ ક્યાં નોંધાયો હતો ?

(A) જયપુર (B) વારાણસી (C) ગ્વાલિયર (D) લખનૌ **(C)**

**4.** તાજેતરમાં 'ઈન્ટરનેશનલ ટેબલ ટેનિસ ફેડરેશન' (ITTF)ની ગવર્નિંગ બોડીમાં નિયુક્ત થયેલા પ્રથમ ભારતીય તરીકે કોણે ઈતિહાસ રચ્યો છે ?

(A) સુશ્રી વીણા ગુપ્તા (B) સુશ્રી ગીત શેઠી

(C) સુશ્રી અનુરાધા રાય (D) સુશ્રી વિટા દાની **(D)**

અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટમાં 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ 2.0' લોન્ચ કરી**




24 ડિસેમ્બર, 2023ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટના સ્વામિનારાયણ મંદિર ખાતે 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0)ની શરૂઆત કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગયા વર્ષની ક્વિઝ વિશે આંકડાકીય વિગતો આપતા જણાવ્યું કે 2022માં રાજ્યભરમાંથી 23 લાખથી વધુ નાગરિકોએ જ્ઞાનગુરુ ક્વિઝમાં ભાગ લીધો હતો. વર્ષ 2023માં તેનાથી પણ વધારે ભાગ લેશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી. ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ જેવી નવીન પહેલ 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવામાં મદદ કરશે. ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ એ પ્રશ્ન–જવાબની પ્રાચીન ભારતીય પરંપરાને આધુનિક રીતે આગળ વધારવાનો પ્રયાસ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **અમદાવાદમાં ગુજરાત લિટરેચર ફેસ્ટિવલનો શુભારંભ**




લેખકો, પત્રકારો, સાહિત્યકારો, ફિલ્મ વિવેચકો સહિતના સર્જનકારોને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે દર વર્ષે ગુજરાત લિટરેચર ફેસ્ટિવલનું આયોજન છેલ્લા કેટલાંક વર્ષથી થતું આવ્યું છે. આ વર્ષે અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાં બે દિવસીય ગુજરાત લિટરેચર ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ગુજરાત લિટરેચર ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગુજરાતી લિટરેચર ફેસ્ટિવલને ભાષા, કલા અને સંવાદને પ્રોત્સાહન આપતો અદ્‌ભૂત મંચ ગણાવીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને સરકાર દ્વારા મળી રહેલા પ્રોત્સાહનના પરિણામે આજે ગુજરાતી ફિલ્મોનું સર્જન અને પ્રભાવ વધી રહ્યા છે. ગુજરાત મીડિયા ક્લબ અને ગુજરાત યુનિવર્સિટીના સહયોગથી બે દિવસીય ગુજરાત લિટરેચર ફેસ્ટિવલનું આયોજન થયું હતું.

# ભારત

## ➤ પંડિત મદન મોહન માલવિયા જયંતિ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 25 ડિસેમ્બર, 2023ના રોજ પંડિત મદન મોહન માલવિયાની 162મી જન્મજયંતિ પર 'પંડિત મદન મોહન માલવીયાના એકત્રિત કાર્યો'ની પ્રથમ શ્રેણીનું વિમોચન કરવામાં આવ્યું હતું. દ્વિભાષી (અંગ્રેજી અને હિન્દી) કાર્યમાં મદન મોહન માલવિયાના લેખો, ભાષણો, અપ્રકાશિત પત્રો અને અન્ય કાર્યોનો સમાવેશ થાય છે. પંડિત મદન મોહન માલવિયાનો જન્મ 25 ડિસેમ્બર, 1861ના રોજ અલ્હાબાદ (પ્રયાગરાજ) ખાતે થયો હતો. તેઓ એક ભારતીય વિદ્વાન, રાજકરણી અને શૈક્ષણિક સુધારક હતા. તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. તેઓ અખિલ ભારતીય હિંદુ મહાસભા અને બનારસ હિંદુ યુનિવર્સિટીના સ્થાપક પણ હતા.

## ➤ સ્ટેટ ઓફ ધ ઈકોનોમી બુલેટિન





રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તાજેતરમાં તેનું 'સ્ટેટ ઓફ ધ ઈકોનોમી' બુલેટિન બહાર પાડ્યું છે, જે આર્થિક દષ્ટિકોણમાં મહત્ત્વપૂર્ણ આંતરદષ્ટિ પ્રદાન કરે છે. RBIને 2024માં વ્યાજદરોમાં સંભવિત વૈશ્વિક ઘટાડાની શંકા છે, જે સમગ્ર વિશ્વમાં ડિફ્લેશનરી ટ્રેન્ડથી પ્રભાવિત છે. વૈશ્વિક ઉથલપાથલ છતા ભારતીય અર્થવ્યવસ્થાએ 2023માં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે તેની સ્થિતિ જાળવી રાખી છે. RBIનો ઈકોનોમિક એક્ટિવિટી ઈન્ડેક્સ (EAI) 2023-24ના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) વૃદ્ધિ 6.7% રહેવાનો અંદાજ મૂકે છે. EAI એ 'Nowcast' છે જે વૃદ્ધિ અને આઉટપુટને માપવા માટે 27 ઉચ્ચ–આવર્તન સૂચકાંકોનો ઉપયોગ કરે છે. તે GDP ગતિશીલતાને પણ ટ્રેક કરે છે.

## ➤ ભારતીય સ્પેસ સ્ટેશન


ભારતનું લક્ષ્ય આગામી 25 વર્ષોમાં 'ભારતીય સ્પેસ સ્ટેશન' નામનું પોતાનું કાયમી અવકાશ મથક સ્થાપિત કરવાનું છે. ISROએ 2028 સુધીમાં આ સ્ટેશનનું પ્રથમ મોડ્યુલ લોન્ચ કરવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે. તે ભારતની મહત્ત્વાકાંક્ષી ભાવિ અવકાશ યોજનાઓનો એક ભાગ છે, જેમાં ક્રૂડ મિશન, ઊંડા અવકાશ સંશોધન અને વધુ અદ્યતન પ્રક્ષેપણ ક્ષમતાઓનો પણ સમાવેશ થાય છે. ભારતના LVM 3 રોકેટનો ઉપયોગ કરીને 8 ટનનું મોડ્યુલ લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે. ત્યારબાદ આગામી વર્ષોમાં વધારાના મોડ્યુલ લોન્ચ કરવામાં આવશે.

## ➤ વિકસિત ભારત સંકલ્પ યાત્રા




વિકસિત ભારત સંકલ્પ યાત્રા એ ભારત સરકાર દ્વારા દેશના વિકાસ અને પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલ રાષ્ટ્રવ્યાપી અભિયાન છે. તે એક સરકારી પહેલ છે જેનો હેતુ સમગ્ર ભારતમાં વિવિધ મુખ્ય કેન્દ્રીય યોજનાઓના અમલીકરણ વિશે જાગૃતિ લાવવા અને તેનું નિરીક્ષણ કરવાનો છે. આ યોજનાઓમાં આયુષ્માન ભારત, ઉજ્જવલા યોજના, પીએમ સુરક્ષા વીમા, પીએમ સ્વનિધિ અને અન્યનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ એક સહયોગી પ્રયાસ છે. જેમાં વિવિધ કેન્દ્રિય મંત્રાલયો અને રાજ્ય સરકારો સામેલ છે. આ યાત્રાનો ઉદ્દેશ્ય એવી વ્યક્તિઓને ઓળખવાનો અને તેમની સાથે જોડવાનો છે જેઓ વિવિધ સરકારી યોજનાઓ માટે પાત્ર છે પણ હજુ સુધી લાભ લીધો નથી. પહેલ સરકારી યોજના વિશે માહિતી ફેલાવવા અને લોકોમાં જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## ➤ મેગ્નેટર્સ સંબંધિત એસ્ટ્રોસેટની શોધ




ભારતની પ્રથમ બહુ-તરંગલંબાઈ અવકાશ આધારિત વેધશાળા એસ્ટ્રોસેટએ અલ્ટ્રાહાઈ મેગ્નેટિક (મેગ્નેટાર) સાથે નવા અને અનન્ય ન્યુટ્રોન સ્ટારમાંથી તેજસ્વી મિલિસેકન્ડનો એક્સ–રે વિસ્ફોટક શોધી કાઢ્યો છે. વૈજ્ઞાનિકોએ એસ્ટ્રોસેટ પર બે સાધનોનો ઉપયોગ કરીને આ ચુંબકનો સમય અને સ્પેક્ટ્રલ વિશ્લેષણ કર્યુ છે : લાર્જ એરિયા એક્સ–રે પ્રોપર્શન કાઉન્ટર (LAXPC) અને સોફ્ટ એક્સ–રે ટેલિસ્કોમ (SXT). મેગ્નેટર્સ એ ન્યુટ્રોન તારાઓ છે જે અત્યંત ઊંચા ચૂંબકીય ક્ષેત્રો ધરાવે છે, જે પાર્થિવ ચુંબકીય ક્ષેત્ર કરતા વધુ મજબૂત છે. (પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર કરતા ચોથા ગણા મજબૂત). મેગ્નટર્સ દ્વારા ઉત્સર્જિત ઉચ્ચ–ઊર્જા ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન તેમના શક્તિશાળી ચુંબકીય ક્ષેત્રોના સડાને પરિણામે થાય છે. એસ્ટ્રોસેટ એ પ્રથમ સમર્પિત ભારતીય ખગોળશાસ્ત્ર મિશન છે જેનો ઉદ્દેશ્ય એક્સ–રે, ઓપ્ટિકલ અને યુવિ સ્પેક્ટ્રલ બેન્ડમાં અવકાશી સ્ત્રોતોનો એકસાથે અભ્યાસ કરવાનો છે. તે સપ્ટેમ્બર, 2015માં સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટાથી PSLV-C30 દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. ISTRAC બેંગ્લુરમાં મિશન ઓપરેશન સેન્ટરમાંથી એસ્ટ્રોસેટની કામગીરીનું સંચાલન કરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **eSvarna : UPI સાથેનું પ્રથમ કોર્પોરેટ Rupay ક્રેડિટ કાર્ડ**




IndusInd બેંકે Rupay નેટવર્ક પર પાર્થબ્રેકિંગ નવું કોર્પોરેટ ક્રેડિટ કાર્ડ eSvarna લોન્ચ કર્યું છે. તે ભારતનું પ્રથમ કોર્પોરેટ ક્રેડિટ કાર્ડ છે. જે ચૂકવણી માટે UPI એપ્સ સાથે લિંક કરવાની મંજૂરી આપે છે. આ કાર્ડ અવારનવાર વેપાર કરતા પ્રવાસીઓને અનુરૂપ વ્યાપક સુવિધાઓ પ્રદાન કરે છે -eSvarna Rupay કોર્પોરેટ ક્રેડિટ કાર્ડ મર્ચન્ટ આઉટલેસ પર ભૌતિક અને ડિજિટલ એમ બંને રીતે સરળ વ્યવહારોને સક્ષમ કરે છે. તેની માર્કી ફીચર કોઈપણ UPI પેમેન્ટ એપ સાથે લિંક કરી રહી છે જેથી સીમલેસ UPI-આધારિત ચૂકવણીની સુવિધા પણ મળી શકે છે. આ કાર્ડ પ્રીમિયમ બિઝનેસ ટ્રાવેલર્સને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યું છે જેઓ વિશિષ્ટ વિશેષાધિકારો અને મૂલ્યવર્ધિત લાભો ઈચ્છે છે.


➤ **કુડુમ્બાશ્રીએ ચવિત્તુનાટકમનું પ્રદર્શન કર્યું**



વિશ્વ વિક્રમ સ્થાપવા માટે કુડુમ્બશ્રી મિશનના કુલ 504 સભ્યોએ ચવિત્તુનાટકમ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. ચવિત્તુનાટકમના પ્રદર્શનમાં કુડુમ્બશ્રી મિશનની વાર્તા કહેવામાં આવી હતી. જેની સ્થાપના વર્ષ 1998માં પીપલ્સ પ્લાન અભિયાન હેઠળ કરવામાં આવી હતી. આ મિશનની શરૂઆત ગરીબી નાબૂદી કાર્યક્રમ તરીકે કરવામાં આવી હતી. ચવિત્તુનાટકમ એ મધ્ય કેરળના દરિયાકાંઠે જિલ્લાઓમાં ભજવાતી થિયેટર શૈલી છે. કુડુમ્બાશ્રી પર્ફોમન્સે વર્લ્ડ ટેલેન્ટ રેકોર્ડ પણ જીત્યો હતો.

➤ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની યૂટ્યૂબ ચેનલના બે કરોડ સબસ્ક્રાઈબ નોંધાયા**

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમની ઓફિશિયલ યૂટ્યૂબ ચેનલના બે કરોડ સબસ્ક્રાઈબર્સ ધરાવતા વિશ્વના પ્રથમ રાજનેતા બન્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભાષણો, કાર્યક્રમોનું વૈવિધ્યપૂર્ણ કન્ટેન્ટ ધરાવતી તેમની યૂટ્યૂબ ચેનલે સબસ્ક્રાઈબર્સની સંખ્યા અને વીડિયો વ્યૂ એમ બંને બાબતે વિશ્વભરના નેતાઓને પાછળ છોડ્યા હતા. આ ચેનલ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભાષણોના વીડિયો અપલોડ કરાય છે. સાથે જ તેમના કાર્યક્રમોનું જીવંત પ્રસારણ પણ જોવા મળે છે. ચેનલ પર કુલ 23000 થી વધારે વીડિયો અપલોડ થયા છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પાલના યોજના**

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય 'પાલના યોજના' હેઠળ સમગ્ર ભારતમાં આંગણવાડી કેન્દ્રોમાં 17000 ક્રેચ સ્થાપવાની યોજના ધરાવે છે. આ પહેલનો ઉદ્દેશ્ય બાળકોના જ્ઞાનાત્મક, પોષણ અને આરોગ્યના વિકાસમાં વધારો કરતી વખતે સલામત ડે–કેર સુવિધાઓ પ્રદાન કરવાનો છે. વર્કફોર્સમાં મહિલાઓની વધતી જતી સહભાગિતા દર સાથે 2022 સુધીમાં 37% પહોંચી છે, ક્રેચનું આ વિસ્તરણ ભવિષ્યની પેઢીઓના વિકાસને પોષવા સાથે મહિલાઓને ટેકો આપવા માટેના સંયુક્ત પ્રયાસોને દર્શાવે છે. જુલાઈ 2022માં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે 'મિશન શક્તિ' હેઠળ રાષ્ટ્રીય ક્રેચ યોજનાને પાલના યોજનામાં રૂપાંતરિત કરી હતી.

## વિશ્વ

➤ **વિવાદિત પર્સિયન ગલ્ફ ટાપુઓ**

મોરોક્કોમાં છઠ્ઠા આરબ–રશિયન સહકાર મંચ પર જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં પર્સિયન ગલ્ફમાં ત્રણ વિવાદિત ટાપુઓ પર ઈરાનના દાવાને પડકાર્યા પછી ઈરાન અને સંયુક્ત આરબ અમિરાત (UAE) વચ્ચે તણાવ વધ્યો છે. રશિયા અને આરબ દેશો દ્વારા હસ્તાક્ષર કરાયેલા સંયુક્ત નિવેદનમાં વિવાદિત ટાપુઓ પર ઈરાન–યુએઈ સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માટે કહેવામાં આવ્યું છે. આ વિવાદમાં હોર્મુઝની વ્યૂહાત્મક સ્ટ્રેટમાં ત્રણ ટાપુઓ સામેલ છે, જેમ કે ગ્રેટર તુન્બ, લેસર તુન્બ અને અબ્ર મુસા. ઈરાન દાવો કરે છે કે 20મી સદીની શરૂઆતમાં અંગ્રેજો દ્વારા કબજે કરવામાં આવ્યા ત્યાં સુધી આ ટાપુઓ પ્રાચીન સમયથી પર્સિયન રાજ્યોના ભાગ હતા. 1971માં બ્રિટિશ દળોએ નિયંત્રણ ગુમાવ્યા બાદ ઈરાને ત્રણ ટાપુઓ પર કબ્જો જમાવ્યો હતો. તે તેમને તેમના પ્રદેશનો 'અવિભાજ્ય ભાગ' માને છે. તદનુસાર, તે UAEના સાત અમીરાતમાંથી એક શારજાહ સાથે કરાર પર પહોંચ્યો, તેને અબુ મુસા અને સ્ટેશન સૈનિકોને સંચાલિત કરવાનો અધિકાર આપ્યો હતો. UAE વિવાદિત ટાપુઓની માલિકીનો દાવો કરે છે. UAE દાવા કરે છે કે ઈરાને 1971માં અમીરાત ફેડરેશનની રચના પહેલા જ રસ અલ–ખૈમાહમાંથી ટાપુઓને બળજબરી કબજે કર્યા હતા.

➤ **ઓસ્ટ્રાહિંદ-23**



તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના પર્થ ખાતે 22 નવેમ્બરથી 6 ડિસેમ્બર, 2023 દરમિયાન AUSTRAHIND-23ની બીજી આવૃત્તિ યોજાઈ હતી. ભારતીય સશસ્ત્ર દળોની ટુકડીમાં 81 જવાનોનો સમાવેશ થયો હતો. જેમાં ગોરખા રાઈફલની બટાલિયનના 60 જવાનો, ભારતીય નૌકાદળના એક અધિકારી અને ભારતીય વાયુસેનાના 20 જવાનોનો સમાવેશ થાય છે. 2022માં AUSTRAHINDની કવાયત શરૂ કરવામાં આવી હતી. અને પ્રથમ આવૃત્તિ રાજસ્થાનના મહાજનમાં હાથ ધરવામાં આવી હતી. આ કવાયતનો ઉદ્દેશ્ય સહયોગી ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો અને બંને પક્ષો વચ્ચે શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવાનો છે. આ કવાયત બંને સૈન્ય વચ્ચે સમજણ વધારવામાં અને બંને મિત્ર રાષ્ટ્રો વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત કરવામાં મદદ કરશે.



1. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહએ ગુજરાતના કયા શહેરમાં 'સાંસદ ખેલકૂદ સ્પર્ધા'નો પ્રારંભ કરાવ્યો હતો ? – ગાંધીનગર

2. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળેથી 20મી 'ન્યુરો અપડેટ 2023' કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો ? – અમદાવાદ

3. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે _____ શહેરમાં 29મી ઈન્ડિયન પ્લમ્બિંગ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો. – અમદાવાદ

4. તાજેતરમાં સરકારે કયા રાજ્યના પહાડી જિલ્લાઓમાં AFSPAને 6 મહિના માટે લંબાવ્યો હતો ? – મણિપુર

5. બાળ લગ્ન પ્રતિબંધ સુધારો અથવા PCMA બિલ 2021 અનુસાર મહિલાઓ માટે લગ્નની ઉંમર 18 થી વધારી કેટલા વર્ષ કરવાનું સૂચન કર્યુ હતું ? – 21

6. કોલકાતાના રાજભવન ખાતેના આઈકોનિક 'થ્રોન રૂમ'નું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ? – સરદાર વલ્લભભાઈ પટેલ યુનિટી રૂમ

7. તાજેતરમાં ભૂટાનના રાજાએ _____ માં નીલાચલ પહાડીઓની ટોચ પર આવેલા પ્રખ્યાત કામાખ્યા મંદિરની મુલાકાત લીધી હતી. – ગુવાહાટી

8. થોડા સમય પહેલા ઔથુર સોપારી પાનને GI ટેગ આપવામાં આવ્યો હતો. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – તમિલનાડુ

9. DPIIT અને _____ સરકારે 'વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ' વોલ લોન્ચ કરી હતી. – ગુજરાત સરકારે
(DPIIT અને ગુજરાત સરકારે સંયુક્ત રીતે રાજ્યના સ્વદેશી હસ્તકલા અને કારિગરોને પ્રોત્સાહન આપવા માટે ગરવી ગુજરાત ભવન, દિલ્હી ખાતે 'વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટ' વોલ શરૂ કરી હતી.)

10. કટી બિહુ, જેને કોંગાલી બિહુ તરીકે પણ ઓળખવામાં આવે છે તે _____ રાજ્યમાં ઉજવાતો નોંધપાત્ર તહેવાર છે. – આસામ

11. તાજેતરમાં કયા દેશે બુલાવા બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું ? – રશિયા

12. કયો દેશ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)નો 95મો સભ્ય બન્યો છે ? – ચિલી

13. ભારત અને ઓસ્ટ્રેલિયાના નૌકાદળ વચ્ચે _____ કવાયતની 5મી આવૃત્તિ સિડની ખાતે યોજાઈ હતી. – AUSINDEX-23

INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. તાજેતરમાં UNના સેક્રેટરીએ ગાઝામાં યુદ્ધવિરામ સ્થાપિત કરવા કઈ કલમનો ઉપયોગ કર્યો હતો ?
– UN ચાર્ટર કલમ-99

15. SALVEX કવાયત કયા બે દેશની નૌકાદળ વચ્ચે યોજાઈ હતી ? – ભારત–અમેરિકા

16. _____ ASEAN TAC પર હસ્તાક્ષર કરનાર 51મો દેશ બન્યો છે. – સાઉદી અરેબિયા

17. એમેઝોન ઈન્ડિયાએ કાશ્મીરમાં તેના ગ્રાહકોને સીમલેસ ડિલિવરીના અનુભવ માટે શ્રીનગરના _____ સરોવર પર તેનો પ્રથમ ફ્લોટિંગ સ્ટોર શરૂ કર્યો છે. – દાલ સરોવર

18. વિશ્વની પ્રથમ પોર્ટેબલ ડિઝાસ્ટર હોસ્પિટલનું કયા સ્થળે અનાવરણ કરવામાં આવ્યું હતું ? – ગુરુગ્રામ

19. તાજેતરમાં કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં કયાં પ્રથમ મહિલા પોલિસ સ્ટેશનની સ્થાપના કરવામાં આવી છે ?
– કારગીલ

20. વર્ષ 2023માં UDAN યોજના હેઠળ કેટલા નવા RCS રૂટ શરૂ કરવામાં આવ્યા છે ? – 60

21. ભારતીય સેના, નૌકાદળ અને ભારતીય વાયુસેનાની સંયુક્ત લશ્કરી કવાયત _____ જેસલમેરમાં શરૂ થઈ હતી.
– ત્રિશક્તિ પહાર

22. તાજેતરમાં સમાચારમાં રહેલ 'પેન્ટોઈઆ ટાગોરી' શું છે ? – બેક્ટેરિયા

23. કયા મંત્રાલયે 'ભૂમિ રાશી પોર્ટલ' શરૂ કર્યુ છે ? – માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય

24. કયું રાજ્ય આંતરરાષ્ટ્રીય ગીતા સેમિનાર અને ગીતા મહોત્સવનું મુખ્ય ભાગીદાર છે ? – હરિયાણા

25. નામદફા ઉડતી ખિસકોલી તાજેતરમાં સમાચારમાં હતી. તે કયા ભારતીય રાજ્યની સ્થાનિક છે ?
– અરૂણાચલ પ્રદેશ

26. ચર્ચ ઓફ એપિફેની જેને તાજેતરમાં પ્રતિષ્ઠિત યુનેસ્કો એશિયા–પેસિફિક એવોર્ડ ફોર કલ્ચરલ હેરિટેજ કન્ઝર્વેશન મળ્યો છે, તે કયા રાજ્યમાં આવેલું છે ? – હરિયાણા

27. ભારતીય મહિલા ક્રિકેટ ટીમે કઈ ટીમને પ્રથમવાર ટેસ્ટમાં હરાવ્યું છે ? – ઓસ્ટ્રેલિયા

28. કયા સ્થળે આહીર સમાજની દીકરીઓએ (લગભગ-50,000) મહારાસ રચી ઈતિહાસ રચ્યો છે ? – દ્વારકા

29. ચીને પીપલ્સ લિબરેશન આર્મી નેવી (PLAN)ના નવા કમાન્ડર તરીકે _____ ની જાહેરાત કરી હતી.
– રીઅર એડમિરલ હુ ઝોંગમિંગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

30. સલામ બોમ્બે ફાઉન્ડેશન માટે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – અમૃતા રાયચંદ

31. તાજેતરમાં સમાચારમાં રહેલ કઈ સ્ટ્રેટને અરબીમાં ગેટ ઓફ ટિયર્સ તરીકે પણ ઓળખવામાં આવે છે ?

– બાબ અલ–મંડેલ

(બાબ અલ–મંડેલ, એક સાંકડી સામુદ્રધુની છે, લાલ સમુદ્રમાંથી પસાર થતા ટેન્કરો પર હુથીના હુમલાના કારણે સંઘર્ષ વધારીને અને વૈશ્વિક શિપિંગને અસર કરવાને કારણે વ્યૂહાત્મક ચેકપોઈન્ટ બની ગયું છે.)

32. તાલેઈહ અને નાસિર ક્રુઝ મિસાઈલ તાજેતરમાં કયા દેશ દ્વારા અનાવરણ કરવામાં આવી હતી ? – ઈરાન

33. તાજેતરમાં 'ODI સિરીઝનો ઈમ્પેક્ટ ફિલ્ડર' મેડલ કોને એનાયત કરવામાં આવ્યો હતો ? – સાઈ સુદર્શન

(કે.એલ.રાહુલની આગેવાની હેઠળની ટીમે દક્ષિણ આફ્રિકા સામે 3-મેચની ODI શ્રેણી 2-1થી જીતી લીધા બાદ શ્રી સાઈ સુદર્શનને ભારતના ફિલ્ડિંગ કોચ અજય રાત્રા દ્વારા 'ઈમ્પેક્ટ ફિલ્ડર ઓફ ધ સિરીઝ' મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

34. કયા રાજ્યએ વપરાશકર્તાઓને FIR નોંધણીના 75 દિવસમાં કેસની તપાસ પૂર્ણ કરવા માટે ફરજિયાત કર્યુ છે, જે આવતા વર્ષે 1 જાન્યુઆરીથી શરૂ થાય છે ? – બિહાર

35. તાજેતરમાં કયા દેશે રેર અર્થ મેટલ્સ ટેક્નોલોજીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે ? – ચીન

36. RBIના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની 605મી બેઠક કયા શેહરમાં યોજાઈ હતી ? – એકતા નગર

37. કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જન પહેલ માટે કયું ભારતીય રાજ્ય વિશ્વ બેંકનું 100 મિલિયન અમેરિકન ડોલરનું રોકાણ પ્રાપ્ત કરશે ? – સિક્કિમ

38. ગ્રામીણ વિકાસ મંત્રાલયે Day-NRLM સાથે સંકળાયેલા સ્વ–સહાય જૂથોની પહોંચને વિસ્તારવા માટે કયા સાહસ સાથે સહયોગ કર્યો છે ? – **Jiomart**

39. તાજેતરમાં ______ ના સંશોધકોની એક ટીમે મેટાલિક ઓક્સાઈડ–કમ–ગ્રાફીન ઓક્સાઈડ મિશ્રણથી બનેલું એક નવું સેન્સર વિકસાવ્યું છે, જે ઓરડાના તાપમાને માછલીમાં બિન–આક્રમક રીતે ફોર્મેલિનની ભેળસેળ શોધી શકે છે.

– ગુવાહાટી યુનિવર્સિટી, આસામ




## જિંદગીમાં કોઈ દિવસ નિરાશ ના થશો,
## શું ખબર કાલે એજ દિવસ હોઈ જેની તમે વર્ષોથી રાહ જોતા હોય......




આ પુસ્તક **અગ્રગણ્ય બુક સ્ટોર** અને **ICEONLINE.IN** પર ઉપલબ્ધ છે.